નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper


સામના મિરર
હવે ઠંડી ધ્રુજાવશે-સિઝનની પ્રથમ શિતલહેર

હવે ઠંડી ધ્રુજાવશે-
સિઝનની પ્રથમ
શિતલહેર

જુઓ પેજ નં.૩

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :6 DECEMBER 2024 I FRIDAY I Page :8 I Year : 2 I Issue :209 I Price: 2/-



### મહારાષ્ટ્રનાં રાજકીય મહાનાટકમાં અંતે સૌ સારા વાના

# મહારાષ્ટ્રમાં હવે ફડણવીસ 'નાથ' : શિંદે રિસામણાં છોડી નાયબ સીએમ બન્યા

## પીએમ સહિતના મહાનુભવો સાથે ૪૦ હજારની મેદની વચ્ચે યોજાયેલા સમારોહમાં અજિત પવારનો છઠ્ઠી વખત નાયબ સીએમ તરીકે શપથનો રેકોર્ડ

મુંબઈ : મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિને બહુમતી બાદ ૧૨ દિવસ સુધી ચાલેલાં મુખ્યપ્રધાન પદ અંગેના સસ્પેન્સ અને એકનાથ શિંદેના સરકારમાં જોડાવા-નહિ જોડાવાં અંગેના ત્રાગાંઓનાં અંતે આજે આખરે દેવેન્દ્ર ફડણવીસે રાજ્યના ૨૦મા મુખ્યપ્રધાન તરીકે શપથ લેતાં મહારાષ્ટ્રના રાજકીય મહાનાટકનો નવી સરકારની રચનાનો એક અંક પૂર્ણ થયો છે. આજે સાંજે મુંબઈના આઝાદ મેદાન ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા કેન્દ્રીય પ્રધાનો, એનડીએ શાસિત રાજ્યોના મુખ્યપ્રધાનો, દેશના ટોચના ઉદ્યોગપતિઓ ઉપરાંત શાહરુખ ખાન, સલમાન ખાન, રણવીર સિંહ સહિતની અનેક બોલિવુડ સેલિબ્રિટીઓ સહિત ૪૦ હજારની જનમેદની વચ્ચે યોજાયેલા શપથ સમારોહમાં હા-ના, હા-ના કરતા એકનાથ શિંદેએ આખરે તમામ રિસામણાં છોડી નાયબ મુખ્યપ્રધાન તરીકે શપથ લીધા હતા. બીજી તરફ અજિત પવારે આજે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી તરીકે છઠ્ઠીવાર શપથ લઈ એક અનોખો રેકોર્ડ સર્જ્યો હતો. જોકે, પ્રધાનમંડળની રચના બાબતે સાથી પક્ષોમાં જારી ખટરાગના કારણે આજે અન્ય કોઈ પ્રધાનોના શપથ થયા ન હતા. હવે આવતાં સપ્તાહે પ્રધાનમંડળનું વિસ્તરણ થાય તેવી અટકળો છે. જોકે, ખાતાંની વહેંચણી માટે ખટરાગ ચાલુ રહેતાં હજુ મંત્રીમંડળની રચના બાકી , આવતાં સપ્તાહે વિસ્તરણની સંભાવના

શપથ લીધા બાદ તરત જ સીએમ અને બંને નાયબ મુખ્યપ્રધાનોની ત્રિપૂટી સચિવાલય પહોંચી હતી. ત્યાં પ્રથમ કેબિનેટ બેઠક યોજાઈ હતી. ફડણવીસે બાદમાં ફરીથી સીએમ તરીકે પહેલી પત્રકાર પરિષદને સંબોધતાં કહ્યું હતું કે અમે સ્થિર સરકાર પૂરી પાડશું. કોઈ કિન્નાખોરીની ભાવના રાખશુ નહિ તથા રાજ્યમાં હવે નવી તરાહનું રાજકારણ જોવા મળશે. શપથ સમારોહમાં હાજર રહેનારા મહાનુભવોમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, જે. પી. નડ્ડા, રાજનાથ સિંહ, નીતિન ગડકરી, શિવરાજ સિંહ ચૌહાણ ઉપરાંત એનડીએ શાસિત રાજ્યોના મુખ્ય પ્રધાનો યોગી આદિત્યનાથષ નીતિશ કુમાર, હેમંતા બિશ્વા શર્મા, મોહન યાદવ, પ્રમોદ સાવંત સહિતના નેતાઓનો સમાવેશ થતો હતો.

# રિઝર્વ બેન્કે ઓક્ટોબરમાં ૨૭ ટન સોનું ખરીદ્યું : આ વર્ષે કુલ ખરીદી ૭૭ ટન કરાઈ

## વિવિધ દેશોની સેન્ટ્રલ બેન્કોએ સોનું ખરીદવા ધસારો કર્યો: તૂર્કી, પોલેન્ડ, કઝાખસ્તાને પણ સોનાની ખરીદીમાં કરેલી વૃધ્ધિ

મુંબઈ : સોનામાં વૈશ્વિક સ્તરે તાજેતરના ઉંચા ભાવથી આવેલા ઘટાડામાં વિવિધ ફંડો ઉપરાંત વિવિધ દેશોની સેન્ટ્રલ બેન્કોની ખરીદી સોનામાં વધતી જોવા મળી છે. વૈશ્વિક સ્તરે વિવિધ દેશો વચ્ચે યુધ્ધના માહોલમાં સેફ હેવન સ્વરૂપમાં સોના માટે માગ વધી હોવાના નિર્દેશો મળ્યા છે. અમુક દેશો ડોલરનું પ્રભુત્વ ઘટાડવા પણ સોનાની ખરીદી કરતા જોવા મળ્યા છે.ભારતની રિઝર્વ બેન્કે ઓક્ટોબરમાં૨૭ ટન સોનું ખરીદ્યું છે તથા આ વર્ષે અત્યાર સુધીના ગાળામાં રિઝર્વ બેન્ક દ્વારા ૭૭ ટન



સોનું ખરીદવામાં આવ્યું છે. ૨૦૨૩ની સરખામણીએ આ વર્ષે આવી ખરીદી પાંચ ગણી વધુ થઈ છે. વિવિધ દેશોની સેન્ટ્રલ બેન્કોએ ઓક્ટોબરમાં કુલ ૬૦ ટન સોનાની ખરીદી કરતાં આ વર્ષમાં મંથલી આવી ખરીદીમાં નવો રેકોર્ડ સર્જાયો છે. તૂર્કીના સમાચાર મુજબ ત્યાંની સરકાર હસ્તકની સેન્ટ્રલ બેન્ક દ્વારા ઓક્ટોબરમાં ૧૭ ટન સોનું વિશ્વબજારમાંથી ખરીદવામાં આવ્યું છે. તૂર્કીની સરકાર છેલ્લા ૧૭ મહિનાથી દર મહિને સોનાની ખરીદી સતત કરવામાં આવી છે. ડિસેમ્બર ૨૦૨૩થી ગણતાં ઓક્ટોબરમાં આવી મંથલી ખરીદી સૌથી મોટી કરાઈ છે. આ વર્ષે અત્યાર સુધીના ગાળામાં તૂર્કીએ ૭૨ ટન સોનું ખરીદ્યું છે.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# સોનું ગિરવે મૂકી પ્રજા હપ્તા ભરી રહી છે





દેશના અર્થતંત્રની હાલત નબળી પડી રહી છે. જુલાઈ સપ્ટેમ્બર ક્વાર્ટરમાં દેશનો આર્થિક વૃદ્ધિ દર ઘટી ૫.૪ ટકા નોંધાયો છે. ફાઈનાન્સ સિવાયની કંપનીઓનો નફો અને નફાનો ગાળો (પ્રોફિટ માર્જિન) બે વર્ષમાં સૌથી નીચા સ્તરે છે. વૈશ્વિક પડકારો પણ મોટા છે આ સમયમાં દેશની પ્રજાએ સાવચેત રહેવાની જરૂર છે. દેવાના ડુંગર તળે દેશની સરકાર દેશની પ્રજા બન્ને બેઠા છે. જે પ્રકારના આંકડા સામે આવી રહ્યા છે તે ચિંતામાં વધારો કરે છે. જોકે, ભારત વિશ્વની સૌથી ઝડપી વિકસતી અર્થવ્યવસ્થા છે, અમૃતકાળ શરુ થયો છે અને ૨૦૪૭ સુધીમાં દેશ વિકસિત થઈ જશે એવી નારાબાજીમાં બિહામણું વાસ્તવિક ચિત્ર કોઈ જોઈ રહ્યું નથી.

દેવું વધવાના કારણે પ્રજા હવે સોનું ગિરવે મૂકી લોન લેવા મજબૂર બની રહી છે. ભારતીય માટે સોનું પવિત્ર છે અને મહિલાઓ માટે તે મરણમૂડી. આ બન્ને ચીજો ગિરવે મૂકી જે રીતે જંગી માત્રામાં લોન લેવામાં આવી રહી છે તે દર્શાવે છે કે દેશની આર્થિક હાલત યોગ્ય નથી. શેરબજાર ઐતિહાસિક સ્તરે, કેન્દ્ર સરકારની કરવેરાની આવકમાં ઉત્તરોત્તર થઈ રહેલો વધારો આવા સમાચારો વચ્ચે મોંઘવારી, બેરોજગારી અને સતત ઘટી રહેલી આર્થિક ઉપાર્જનની તક વચ્ચે સામાન્ય માનવી ભીંસ અનુભવી રહ્યો છે. અચ્છે દિનની આશા સાથે અસ્તિત્વ ટકાવી રાખવા માટે તે મજબૂરીમાં સોનું વેચી કે ગિરવે મૂકીને ગુજરાન ચલાવી રહ્યો છે.અન્ય ચર્ચા કરતા પહેલા સોના સામે ધિરાણ કે સોનું વેચવા અંગેના ચોંકાવનારા આંકડા જાણવા જેવા છે. સપ્ટેમ્બર ૨૦૨૪ના અંતે બેંકો અને નાણા કંપનીઓ પાસેથી મેળવેલા ધિરાણ માટે ભારતીયોએ લગભગ ૩૦૦ ટન સોનું ગિરવે મુકેલું છે. સરખામણી માટે જાણીએ કે વિશ્વમાં બીજા સૌથી મોટા સોનાના વપરાશકર ભારતમાં વર્ષે ૧૦૦૦ ટન જેટલા સોનાની આયાત થાય છે. બીજું, માર્ચ ૨૦૧૯થી સપ્ટેમ્બર ૨૦૨૪ વચ્ચે ભારતીયોએ લગભગ ૫૭૩ ટન જેટલું જૂનું સોનું વેંચી નાખ્યું છે. સોનાના ઊંચા ભાવે નફો રળવા, મજબૂરીમાં કે જૂના સામે નવું સોનું ખરીદવા માટે આ રીતે વેચાણ થતું હોવાનું વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ જણાવે છે.બીજું, છેલ્લા પાંચ વર્ષમાં જ દેશ અને પ્રજાએ જંગી દેવું ઉભું કર્યું છે. કેન્દ્ર સરકારના આંકડા અનુસાર દેશનું દેવું માર્ચ ૨૦૧૯ના અંતે રૂ.૮૪.૬૮ લાખ કરોડ હતું જે જૂન ૨૦૨૪માં બમણાથી વધી રૂ.૧૭૨.૭૨ લાખ કરોડ થયું છે. પ્રજાએ લીધેલી વ્યક્તિગત લોન માર્ચ ૨૦૧૯ના રૂ.૨૩ લાખ કરોડ હતી જે સપ્ટેમ્બર ૨૦૨૪માં વધી રૂ.૫૫.૯૬ લાખ કરોડ પહોંચી છે. સરકાર અને પ્રજા બન્નેનું દેવું બમણું થઈ ગયું છે. દેશનો આર્થિક વિકાસ નબળો પડે, મોંઘવારી માઝા મૂકે અને બેરોજગારીની સ્થિતિમાં સુધારો થાય નહીં તો આ દેવું ભરપાઈ કરવું મુશ્કેલ બનશે. સપ્ટેમ્બર ક્વાર્ટરના પરીણામમાં મોટાભાગની બેંકો અને ફાઈનાન્સ કંપનીઓએ લોન પરત નહીં કરનાર લોકોની સંખ્યા ધીમે-ધીમે વધી રહી હોવાનું સ્વીકાર્યું છે.સમાન્ય રીતે સોના સામે ધિરાણ મેળવવું કે કોઈપણ વ્યક્તિ કે ધંધાર્થી માટે સૌથી છેલ્લો વિકલ્પ હોય છે. જ્યારે ક્યાંયથી પૈસાની વ્યવસ્થા થાય નહીં ત્યારે સોનું ગિરવે મૂકી લોન લેવામાં આવે છે. માર્ચ ૨૦૧૯ના અંતે બેંકો પાસેથી સોના ગિરવે મૂકી માત્ર રૂ.૨૪,૬૭૧ કરોડની લોન મેળવવામાં આવી હતી. સપ્ટેમ્બર ૨૦૨૪ના અંતે તે હવે વધી રૂ.૧,૪૭,૦૮૧ કરોડ થઈ ગઈ છે. આ પાંચ ગણો વધારો નબળા, મધ્યમ અને ગ્રામીણ ભારતમાં આર્થિક સ્થિતિનો ચિતાર આપી રહ્યા છે. આ દર્શાવે છે કે આવક કરતા ખર્ચ વધી રહ્યો હોવાથી વધુને વધુ લોકો સોના સામે ધિરાણ મેળવે છે.

# જમીનનું સંપાદન કર્યા બાદ સરકાર વળતર અટકાવી ન શકે

## કર્ણાટક સરકારને હસ્તગત કરેલી જમીન માટે વર્તમાન બજાર મૂલ્ય ચૂકવવા સુપ્રીમનો આદેશ



નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે કોઈ પણ સરકાર જમીન અધિગ્રહણ કર્યા પછી વર્ષો સુધી વળતર રોકી શકે નહીં અને કર્ણાટક સરકારને જમીન માલિકને વળતર આપ્યાં વિના ૧૯૮૬ માં હસ્તગત કરેલી જમીન માટે વર્તમાન બજાર મૂલ્ય ચૂકવવા જણાવ્યું હતું. જસ્ટિસ સૂર્યકાન્ત અને ઉજ્જલ ભુયાનની બેન્ચે વરિષ્ઠ વકીલ આનંદ સંજય એમ નુલીની દલીલો સ્વીકારી હતી, જેઓ જમીનમાલિકો જયલક્ષ્મમ્મા અને અન્યો માટે હાજર હતાં, જેમની લગભગ બે એકરની જમીન મૈસુરના હિંકલ ગામમાં સરકાર દ્વારા હસ્તગત કરવામાં આવી હતી. નુલીએ કહ્યું, ''અંતિમ સૂચના અને એવોર્ડ જારી કરવા છતાં, પ્રતિવાદીઓએ અરજદારોને અંધારામાં રાખ્યાં તેઓએ ન તો જમીનનો કબજો લીધો કે ન તો વળતર ચૂકવ્યું. જમીન, તમામ કાયમી બાંધકામો સાથે, આજદિન સુધી અરજદારોના કબજામાં છે અને તેઓ ઉપરોક્ત મિલકતોના સંદર્ભમાં કરવેરા, વીજળીનાં બિલની ચૂકવણી કરી રહ્યાં છે.'' ખંડપીઠે કહ્યું, ''૨૧ એપ્રિલ, ૧૯૮૬ નો એવોર્ડ કર્ણાટક સરકારને યોગ્ય અને ન્યાયી વળતર ચૂકવવાથી મુક્ત કરતું નથી. વળતર ચૂકવવાનો ઇનકાર એ કલમ ૩૦૦એ સંપત્તિના અધિકારનું ઉલ્લંઘન છે. સત્તાવાળાઓ કોઈપણ કારણ બતાવવામાં નિષ્ફળ ગયાં છે. કાયદામાં ૩૩ વર્ષથી વધુ સમય માટે વળતરની ચૂકવણી રોકવાનો અધિકાર નથી.'' બેન્ચે આ જમીનનાં સંપાદનને રદ કરવાનું કહ્યું હતું છે. કોર્ટે કહ્યું કે વિજયનગરની સ્થાપના માટે જમીનનાં વિશાળ ભાગોમાંથી જમીનના નાના ભાગ અલગ કરવા મૂળભૂત સુવિધાઓ અથવા જમીન માલિકના હિતમાં રહેશે નહીં. ખંડપીઠે જમીન સંપાદન અધિકારીને ૧ જૂન, ૨૦૧૯ સુધી જમીનની બજાર કિંમત નક્કી કરવા અને જમીનની બજાર કિંમત નક્કી કર્યાના ચાર અઠવાડિયાની અંદર કોર્ટમાં જમા કરાવવાનો નિર્દેશ કર્યો છે. તેણે જમીન માલિકને વળતરની રકમ પ્રાપ્ત થયા પછી જમીનનો કબજો સત્તાવાળાઓને આપવા જણાવ્યું હતું.

# ટ્રેન અકસ્માતો અટકાવવા રેલવેનો પ્લાન તૈયાર, હવે ટ્રેક પર લગાવાશે સિસ્ટમ, રેલવે મંત્રીની જાહેરાત

રેલવે કર્મચારીઓના કામને આસાન કરવા અને ટ્રેન અકસ્માતો અટકાવવા માટેનો પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં એક એસયૂવી મોટર કારને મોડિફાઈ કરીને તેને રેલવે ટ્રેક પર ચલાવવા અને ટ્રેનની સ્થિતિને રેકોર્ડ કરવા માટેની સિસ્ટમ લગાવાશે. જેને રેલવે પથ સુરક્ષા યાનનું નામ આપવામાં આવશે. જેમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવએ દેશના પહેલા રેલવે ટ્રેક સુરક્ષા વાહનને નવી દિલ્હી રેલવે સ્ટેશન પર 'રેલવે ટ્રેક મેન'ને લોન્ચ કર્યો. આ દરમિયાન રેલવે મંત્રીએ આ સ્પેશિયલ રેલવે સુરક્ષા વાહનનું નિરિક્ષણ કર્યુ અને તેની ખાસિયત વિશે પણ જાણકારી મેળવી. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, 'રેલવે ટ્રેકની સિસ્ટમ ઘણી કોમ્પ્લેક્સ સિસ્ટમ હોય છે. જો તેના તમામ પરિમાણોને ચોકસાઈથી માપવામાં આવે તો ટ્રેનની સલામતી નોંધપાત્ર રીતે વધી જાય છે. એટલા માટે ટ્રેક મેન્ટેનન્સ માટે પ્રોટોકોલ છે. આ પ્રોટોકોલને અનુસરવા માટે અમે આ રેલવે સુરક્ષા વાહનના રૂપમાં એક નવી તકનીકી પરંપરા શરૂ કરી રહ્યા છીએ.' આ વાહન નીચે મશીન લગાવેલી છે, જેમાં હાઈ રેજ્યુલેશન કેમેરા પણ લગાવામાં આવ્યાં છે. આ સાથે તેમાં લીનિયર સ્કેનિંગની સાધનસામગ્રી પણ લગાવામાં આવી છે. તેમજ ટ્રેકની ગુમ થયેલી ક્લિપ પણ શોધી કાઢે છે. જો બે સ્લીપર વચ્ચે વધુ કે ઓછું અંતર હોય તો તે પણ શોધી શકાય છે. જ્યારે જો ટ્રેકની વચ્ચોવચ વધુ કે ઓછું ગેપ હોય તો તે પણ શોધી શકાય છે. પાટા પર કે તેની નજીક કોઈ અવરોધ હોય તો તે પણ આ સિસ્ટમ દ્વારા શોધી કાઢવામાં આવે છે.




અત્યાર સુધીમાં ટ્રેક મેન્ટેનન્સનો પ્રોટોકોલ ચાર મહિનામાં એક વખત પૂરો કરવામાં આવ્યો હતો, પરંતુ આ વર્લ્ડ ક્લાસ મશીનોના આવવાથી ઓછા સમયમાં કામગીરી થશે.જેમાં અત્યાર સુધીમાં ત્રણ મશીનો બનાવામાં આવી છે. ત્રણ વર્ષથી ચાલી રહેલા તેના પાયલટ પ્રોજેક્ટની સફળતાને ધ્યાનમાં રાખીને રેલવે દ્વારા તમામ ઝોનમાં તેને ઉપલબ્ધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

### તા.૮ સુધી ન્યુનતમ તાપમાન ૨-૩ ડીગ્રી ઘટશે; ૯-૧૨ દરમ્યાન વધુ ૪-૫ ડીગ્રી નીચે ઉતરશે

# હવે ઠંડી ધ્રુજાવશે-સિઝનની પ્રથમ શિતલહેર

### તા.૮ થી ૧૧ દરમ્યાન પવનની ઝડપમાં પણ ૫ થી ૧૦ કી.મી.નો વધારો થશેઃ તા.૧૨ સુધીમાં તાપમાન ૬ થી ૮ ડીગ્રી ઘટશે



રાજકોટ, તા.૫

સૌરાષ્ટ્ર-ગુજરાત સહિત સમગ્ર દેશમાં શિયાળાનું આગમન થઇ ગયું હોવા છતાં હજુ સુધી ઠંડીનું નામો નિશાન નથી પરંતુ હવે ઠંડીના દિવસો શરૂ થવામાં છે અને આવતા એક સપ્તાહમાં તાપમાનમાં વર્તમાન સ્તરેથી ૬ થી ૮ ડીગ્રીનો ઘટાડો થવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલે કરી છે. શિયાળાની વર્તમાન સિઝનની પ્રથમ શીતલહેર હશે. તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે હાલ તો શિયાળો-ઠંડી ગાયબ હોવાનો માહોલ છે. કારણ કે તમામ સેન્ટરોમાં તાપમાન ૧ થી ૬ ડીગ્રી જેટલું ઉંચુ છે. અમદાવાદમાં આજે ન્યુનત્તમ તાપમાન ૧૯ ડીગ્રી હતું જે નોર્મલ કરતા ૪ ડીગ્રી વધુ હતું. રાજકોટનું ૧૬.૮ ડીગ્રી હતું તે નોર્મલ કરતા ૧ ડીગ્રી વધુ હતું. અમરેલીમાં ૨૦.૮ ડીગ્રી ન્યુનતમ તાપમાન નોર્મલ કરતા ૬ ડીગ્રી વધુ હતું. ડીસામાં ૧૫.૯ ડીગ્રી, વડોદરામાં ૧૯.૨ ડીગ્રી તથા જુનાગઢમાં ૧૭.૨ ડીગ્રીનું તાપમાન નોર્મલ કરતા ૨ થી ૩ ડીગ્રી વધુ હતું.સૌરાષ્ટ્ર-ગુજરાતનું નોર્મલ તાપમાન હાલ ૧૪ થી ૧૬ ડીગ્રી ગણાય છે. રાજસ્થાન-ઉત્તર ગુજરાતના બોર્ડર વિસ્તાર તથા કચ્છમાં નોર્મલ તાપમાન ૧૪ ડીગ્રી ગણાય છે અન્યત્ર ૧૫ થી ૧૬ ડીગ્રી છે. તા.૬ થી ૧૨ ડીસેમ્બરની આગાહીમાં તેઓએ જણાવ્યું હતું કે આવતીકાલથી તા.૮ સુધી તાપમાનમાં ૨ થી ડીગ્રીનો ઘટાડો થશે અને ત્યારબાદ ૯ થી ૧૨ ડીસેમ્બરમાં ન્યુનતમ તાપમાન વધુ ૪ થી ૫ ડીગ્રી ઘટવાની શક્યતા છે.

આમ રાજ્યના વિવિધ સ્થળોએ આગાહી દરમ્યાન ન્યુનત્તમ તાપમાનમાં વર્તમાન સ્તર કરતા ૬ થી ૮ ડીગ્રીનો ઘટાડો થઇ શકે છે. તા.૯ થી ૧૦ ડિસે. સૌથી વધુ ધ્રુજાવનારી ઠંડી અનુભવાશે. શિયાળાની સિઝનની આ પ્રથમ શીતલહેર હશે. આગાહીના સમયગાળા દરમ્યાન ઉત્તર પશ્ચિમ અને ઉત્તર પૂર્વની વચ્ચેથી પવન રહેશે. તા.૮ થી ૧૧ પવનની ગતિમાં ૫ થી ૧૦ ડીગ્રીનો વધારો થશે અને અંશત વાદળછાયુ વાતાવરણ રહેશે. ભારતમાં ગત ઉનાળા વખતથી ભારત અને વૈશ્વિક હવામાન એજન્સીઓ શિયાળા સુધીમાં લા-નીના ઉદ્ભવવાની આગાહી કરતી હતી. વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલે કહ્યું કે હજુ સુધી લા-નીનાનો કોઇ પત્તો કે સંકેત નથી. તે માટે જરૂરી થ્રી સોલ્ડ સ્થાપિત પણ થયો નથી. ૩.૪ ૨૦૨૪નું હજુ માઇનસ ૦.૨ ડીગ્રી પર જ છે જે ૦.૫ ડીગ્રી થવું જોઇએ છેલ્લા ૬ મહિનાથી તે ન્યુટ્રલ સ્થિતિમાં જ છે.

# ડિજિટલ ફ્રોડ સામે વધુ કાર્યવાહી ૧૭૦૦ સ્કાઇપ અને ૫૯૦૦૦ વોટ્સએપ એકાઉન્ટ બ્લોક કરાયા




મુંબઇ, તા.૫

દેશમાં સતત વધી ગયેલા સાયબર અને ડીજીટલ ફ્રોડમાં ટેકનોલોજીનો થઇ રહેલો ઉપયોગ અને ખાસ કરીને મેસેજીંગ સેવાઓ મારફત ડીજીટલ એરેસ્ટ સહિતની પ્રવૃત્તિમાં સરકારે હવે વોટસએપ અને સ્કાઇપ સામે એકશન લીધા છે અને અત્યાર સુધીમાં ૫૯ હજાર વોટસએપ એકાઉન્ટ અને ૧૭૦૦ સ્કાઇપ આઇડીને બ્લોક કરી દીધા છે.તે એકાઉન્ટ ઓપન કરનારની તપાસ શરુ કરવામાં આવી છે દેશના નાગરિકોને સાયબર ફ્રોડથી બચાવવા માટે કેન્દ્ર સરકારે વ્યાપક ઝુંબેશ ચાલુ કરી છે અને રીઝર્વ બેન્ક અન્ય બેન્કોને પણ તેમાં જોડવામાં આવી છે. ખાસ કરીને મોબાઇલ એપ્લીકેશન મારફત જે રીતે આ ફ્રોડ કરવામાં આવી રહ્યા છે તેમાં સ્કાઇપ કે જે ઓનલાઇન સંદેશા વ્યવહાર માટે અને વીડિયો કોન્ફરન્સ સહિતની સુવિધાઓ આપે છે તેનો વ્યાપક દુરપયોગ થઇ રહ્યો છે તેમાં ૧૭૦૦ સ્કાઇપ એકાઉન્ટ બ્લોક કરવામાં આવ્યો છે અને ૫૯ હજાર જેટલા વોટસએપ એકાઉન્ટનમાં પણ ફ્રીઝ કરી દેવાયા છે.

# ખેડૂતોની દિલ્હી કૂચ પહેલાં દિલ્હી - હરિયાણા બોર્ડર પર અર્ધલશ્કરી દળો તૈનાત

**ખનૌરી બોર્ડર પર અર્ધલશ્કરી દળોની ૧૪ કંપનીઓ તૈનાત પોલીસે એડવાઈઝરી પણ જારી કરી**

હરિયાણા ખેડૂતોએ પાક અને અન્ય માંગણીઓ પર એમએસપીની કાયદેસર ગેરંટી અંગે ૬ ડિસેમ્બરે દિલ્હી સુધી કૂચ કરવાની જાહેરાત કરી છે. હરિયાણા પોલીસ આ અંગે એલર્ટ મોડમાં હોવાનું જણાય છે. જીંદ જિલ્લામાં દાતાસિંહવાલા ખનૌરી બોર્ડર પર ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતાની કલમ ૧૬૩ લાગું કરવામાં આવી છે. પોલીસ અને અર્ધલશ્કરી દળોની ૧૪ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે, જેમાં આરએએફની ૪ કંપની, આઇઆરબીની ૩ કંપની, ૧ એચએપી, દુર્ગા શક્તિની ૧ કંપની, મહિલા દળની એક કંપની અને જિલ્લા પોલીસની ૪ કંપની સહિત આઠ ડીએસપીનો પણ સમાવેશ થાય છે. ખેડૂતોનાં વિરોધને જોતાં જીંદ પોલીસે એડવાઇઝરી જારી કરી છે. આ મુજબ, નરવાના થઈને પંજાબ જતો મુખ્ય માર્ગ બંધ રહેશે, તેથી આ માર્ગ પર બિનજરૂરી મુસાફરી ન કરવી. આ સિવાય મીડિયા પર દાતાસિંહવાલા ખનૌરી બોર્ડર પર જવા પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. જીંદ પોલીસ તરફથી એક પ્રેસ નોટ જારી કરીને આ જાણકારી આપવામાં આવી હતી. તે જ સમયે, સરઘસ, પ્રદર્શન, પગપાળા કૂચ અથવા ટ્રેક્ટર-ટ્રોલી અને અન્ય વાહનો સાથે, લાકડીઓ, સળિયા અથવા હથિયારો સાથે લઈ જવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. બીજી તરફ ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેર પ્રેસ કોન્ફરન્સ કરીને પગપાળા યાત્રાની સમગ્ર સ્થિતિ સ્પષ્ટ કરશે.

# રાજયભરના કલેકટરોને મહેસુલ સચિવનું તેડું સુચિત જંત્રી દરના તોતીંગ વધારાના મુદ્દે ચર્ચા

## નવા જંત્રી દરની વિસંગતતા અને પ્રોપર્ટીની કિંમતમાં વધારાની શકયતાથી મચેલા હોબાળા બાદ રાજય સરકાર દ્વારા તાબડતોબ મંથન  જમીન રિ-સર્વે, ડીઝાસ્ટર વિભાગને આધુનિક સાધનોથી સજજ કરવા સહિતના મુદ્દે પણ ચર્ચા

રાજકોટ,તા.૫

રાજય સરકાર દ્વારા નવી સુચિત જંત્રીના દરમાં ઝીંકેલા તોતીંગ વધારા સામે રાજકોટ સહિત રાજયભરમાં ભારે હોબાળો મચી જવા પામેલ છે. જેના પગલે આજે રાજયના મહેસુલ સચિવ જયંતિ રવિ દ્વારા તાબડતોબ રાજયભરના જીલ્લા કલેકટરોને તેડુ મોકલી ગાંધીનગર બોલાવી તેઓની સાથે ખાસ બેઠક યોજી ચર્ચા કરી હતી.

રાજકોટ જીલ્લા કલેકટર પ્રભવ જોશી પણ આ બેઠકમાં ભાગ લેવા માટે ગાંધીનગર દોડી ગયા છે. આ બેઠકમાં નવા જંત્રી દરમાં કમ્મરતોડ વધારો, વિસંગતતા, જમીન રી-સર્વે, ડીઝાસ્ટર વિભાગને આધુનિક સાધનોથી સજજ કરવા સહિતના મુદ્દાઓ આવરી લેવામાં આવેલ હતા.

આ અંગે રાજયના મહેસુલ સચિવ જયંતિ રવિ દ્વારા જીલ્લા કલેકટરોને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ હતું. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજય સરકાર દ્વારા નવી સુચિત જંત્રીમાં રૂા.૨૦૦૦થી લઈને ૨૦૦૦% સુધીનો વધારો ઝીંકી દેવાયો હોય રીયલ એસ્ટેટને મોટું નુકશાન થવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

નવા જંત્રીદરના વધારાના વિરોધમાં રાજકોટ સહિત રાજયભરના તમામ જીલ્લા મથકો પર રીયલ એસ્ટેટ એસો. દ્વારા જીલ્લા કલેકટરને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવેલ હતા તેમજ આ અંગે રાજય સરકારમાં પણ કેડાઈ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. નવા જંત્રીદરના વધારા સામે વાંધા સૂચનો રજુ કરવાની મુદત વધારી ૩૧ માર્ચ સુધીની કરવાની પણ માંગણી ઉઠાવવામાં આવી છે.

નવા સુચિત જંત્રીદરના વિરોધમાં વાંધા સુચનોની અરજીના ઢગલા થઈ રહ્યા છે. આ નવો જંત્રીદર લાગુ કરાતા પ્રોપર્ટીની કિંમતમાં ૩૦થી ૩૫ ટકાનો વધારો થવાની શકયતા રહેલી છે. તેની સાથોસાથ જમીન પ્રીમીયમ, એફએસઆઈ કિંમત, પ્રોપર્ટી ટેકસ વધવાની પણ શકયતા રહેલી હોય રીયલ એસ્ટેટ ઉદ્યોગને મોટી નુકશાન સહન કરવી પડે તેવા સંજોગોનું નિર્માણ થવા પામેલ હોય સુચિત આ નવા જંત્રીદર સામે રાજયભરમાંથી ઉઠેલા ભારે વિરોધ બાદ રાજયના મહેસુલ સચિવ જયંતિ રવિ દ્વારા આજે તાત્કાલિક રાજયભરના જીલ્લા કલેકટરોને ગાંધીનગર બોલાવી તેઓની સાથે ચર્ચા કરી હતી.


અહીં એ પણ ઉલ્લેખનીય છે કે, રાજકોટ જીલ્લામાં કોટડાસાંગાણી, પડધરી અને લોધીકા એમ માત્ર ત્રણ તાલુકામાં જ જમીન રીસર્વેની કામગીરી થવા પામી છે. જયારે જીલ્લાના બાકીના તાલુકામાં જમીન રીસર્વેની કામગીરી હજુ થયેલ નથી.

આ મુદ્દે પણ આજની આ બેઠકમાં ચર્ચા થનાર હોવાનું જાણવા મળેલ છે. તેની સાથોસાથ રાજયની તમામ જીલ્લા કલેકટર કચેરીઓના ડીઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગને આધુનિક બનાવવા અંગે પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવનાર હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

# રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪નો રાજયવ્યાપી પ્રારંભ શુક્રવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દાંતીવાડાથી કરાવશે

રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪ તા. ૬ અને ૭ ડિસેમ્બર દરમિયાન ૨૪૬ તાલુકા મથકોએ રાજ્ય સરકારના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો અને પદાધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાવાનો છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બનાસકાંઠાના દાંતીવાડાથી શુક્રવાર, ૬ ડિસેમ્બરે જયવ્યાપી રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪નો પ્રારંભ કૃષિ મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં કરાવશે.

આ રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪ તા. ૬ અને ૭ ડિસેમ્બર દરમિયાન ૨૪૬ તાલુકા મથકોએ રાજ્ય સરકારના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો અને પદાધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાવાનો છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમયાનુરૂપ ટેકનોલોજીના ઉપયોગથી ખેતી દ્વારા ધરતીપુત્રોને સમૃદ્ધ કરવાના ઉદાત અભિગમ સાથે કૃષિ મહોત્સવની નવતર પરંપરાની શરૂઆત ૨૦૦૫થી કરાવી છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં એ પરંપરાને આગળ ધપાવતાં રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા આ વર્ષે રવી કૃષિ મહોત્સવનું બહુ આયામી આયોજન કરવામાં આવ્યું છે.

આ બે દિવસીય કૃષિ મહોત્સવમાં વિવિધ ટેકનીકલ માર્ગદર્શન સેમીનાર, પ્રાકૃતિક ખેતીનું નિદર્શન, આધુનિક કૃષિ ટેકનોલોજીનું નિદર્શન-પ્રદર્શન, પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મની મુલાકાત અને પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સાથો-સાથ રાજ્યના પ્રગતીશીલ ખેડૂતોને સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર તથા આત્મા બેસ્ટ ફાર્મરના એવોર્ડ પણ આ કાર્યક્રમ દરમિયાન એનાયત કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યકક્ષાના રવી કૃષિ મહોત્સવમાં દાંતીવાડા ખાતે ૧૨ જેટલા પ્રગતિશીલ ખેડૂતોને સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કારથી સન્માનિત કરશે ઉપરાંત શ્રેષ્ઠ પશુપાલક એવોર્ડ અને વિવિધ લાભ સહાયનું વિતરણ પણ થવાનું છે.

રવી કૃષિ મહોત્સવ-૨૦૨૪માં કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા પ્રાકૃતિક અને સસ્ટેનેબલ ફાર્મિંગ, ખેતી અને બાગાયતી પાકોમાં મૂલ્યવર્ધન, બાગાયતી પાકો સાથે મિક્સ ફાર્મિંગ, પ્રાકૃતિક ખેતી, પ્રિસીઝન ફાર્મિંગ, કૃષિ અને બાગાયતી પાકોમાં આધુનિક તાંત્રિકતા વિશે માર્ગદર્શન, મિલેટ પાકોમાં મૂલ્યવર્ધન, સફળ પશુપાલન જેવા વિવિધ વિષયો ઉપર ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવશે.

# દસ્તાવેજ-ભાડા કરાર નહી કરતા મુંજકા પાસેનાં ૮૪ આવાસો રદ્દ કરી દેવાયા રૂડાની કાર્યવાહી

### આદિત્ય-૭૯ હાઉસીંગ કો.ઓપ. સર્વિસ સોસાયટીમાં તંત્રની તવાઈ

રાજકોટ તા.૫

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ઈડબલ્યુએસ-૨ પ્રકારના ટીપી ૧૭ એફપી ૭૯, આદિત્ય-૭૯ હા. કો.ઓ.સર્વિસ સોસાયટી, ફિલ્ડ માર્શલની વાડી પાસે કાલાવડ રોડ, મુંજકા રાજકોટમાં ૮૪ આવાસો આવાસ ધારકોને ફાળવેલ છે.

જેમના દ્વારા રૂડાના આવાસનો દસ્તાવેજ/ભાડા કરાર આજદિન સુધી કરાવેલ ન હોય. આ બાબતે લાભાર્થીઓને રૂડા કચેરીથી વારંવાર નોટીસ આપવામાં આવેલ છે. પરંતુ આજદિન સુધી આવાસ ધારકો દ્વારા દસ્તાવેજ/ભાડાકરાર કરાવેલ નથી.

આથી બાબતે બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબ આવાસ ધારકોના આવાસો રદ કરવામાં આવેલ હતા. જે આવાસો રદ કરાયા છે તેમાં એ પ્રકારમાં ફ્લેટ નં.૨૦૫, ૩૦૧, ૩૦૩, ૪૦૨, ૪૦૩, ૪૦૬, ૫૦૩, ૬૦૩, તથા બી પ્રકારમાં ફ્લેટ નં. ૩૦૭ , ૫૦૭, ૯૦૬, ૧૦૦૫, ૧૨૦૫, ૧૨૦૬, ૧૩૦૭, ૧૪૦૩, સી પ્રકારમાં ફ્લેટ નં. ૮૦૭, ૧૧૦૪, ૧૧૦૬, ૧૧૦૭, ૧૧૦૮, ૧૩૦૨, ૧૩૦૬, ૧૪૦૩ અને ઈ પ્રકારમાં ફ્લેટ નં.૩૦૨, ૬૦૪, ૧૦૦૧, ૧૦૦૩, ૧૧૦૨, ૧૪૦૧, ૧૦૨, ૧૦૫ તેમજ એફ પ્રકારમાં ૧૨૦૭, ૧૪૦૪, તથા જી-માં ૧૦૭, ૬૦૭, ૧૦૦૩, ૧૦૦૮, ૧૨૦૭ અને ૧૩૦૧, જયારે એચ પ્રકારમાં ૮૦૧, ૯૦૭, ૧૧૦૩, ૧૧૦૮, ૧૨૦૬, ૧૩૦૩, ૧૩૦૪ અને ૧૩૦૮નો સમાવેશ થાય છે.

# દોઢ વર્ષ બાદ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં એર ટ્રાફિક કંટ્રોલને સ્વતંત્ર બિલ્ડીંગ મળ્યુ આધુનિક સિસ્ટમ કાર્યરત

### નવો ટાવર શરૂ થતા હવે એપ્રોન-રન-વે પરના હવાઈ જહાજો ઉપર બાજ નજર રહેશે ટુંક સમયમાં ટાવરની બાજુમાં અદ્યતન રડાર મુકાશે



રાજકોટ,તા.૫

વડાપ્રધાનનાં ડ્રિમ પ્રોજેક્ટ એવા રાજકોટ નજીકના હીરાસર ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં પ્રથમ પ્રોજેક્ટનું કામ પૂર્ણ થયા હાલ બીજા તબક્કાનાં પ્રોજેક્ટમાં નવુ ટર્મિનલ અને સ્વતંત્ર એર ટ્રાફિક કંટ્રોલ (એસીટી)નું કામ પૂર્ણ થતા તાજેતરમાં સ્વતંત્ર જગ્યામાં એર ટ્રાફિક કંટ્રોલ આધુનિક સિસ્ટમ સાથે તૈયાર થતાં હવે સમગ્ર એરપોર્ટ ઉપર વિમાનો ઉપર બાજ નજર રહેશે.ભવિષ્યમાં એક સાથે અનેક ફલાઈટોનું લેન્ડીંગ ટેક ઓફ પણ સરળ બનશે.

ગત તા.૨૭મી જુલાઈ-૨૦૨૩નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં હસ્તે ઈન્ટરનેશનલનું ઉદ્‌ઘાટન થતાં તા.૧૦મી સપ્ટેમ્બર-૨૩થી હવાઈ સેવા કાર્યરત થઈ હતી ટર્મિનલ સહિત અનેક વિભાગો હંગામી ધોરણે કાર્યરત કરવામાં આવ્યા હતાં. જેમાં બીજા તબક્કાના પ્રોજેક્ટમાં દોઢ વર્ષ બાદ એર ટ્રાફિક કંટ્રોલ અલગ સ્વતંત્ર જગ્યામાં આધુનિક સિસ્ટમ સાથે કાર્યરત થતાં હવે વિઝિબિલિટીની સમસ્યાનો કાયમી ધોરણે અંત આવ્યો છે.

નવી એર ટ્રાફિકની સિસ્ટમના કારણે વહેલી પરોઢે કે વિઝિબિલીટી ખોરવાઈ તે સમયે મોટાભાગે અમદાવાદ કે અન્ય એરપોર્ટ ડાયવર્ટ થઈ ફલાઈટ હવે કાયવર્ટ નહી કરવી પડે.વિઝિબિલિટીમાં પણ ફલાઈટ આજ્ઞાનીથી લેન્ડ અને ટેકઓફ થઈ શકશે.તેવુ સુત્રોએ જણાવ્યું છે. આગામી દિવસોમાં એરપોર્ટમાં આવાગમને થતા હવાઈ જહોજોની વર્તમાન સ્થિતિ, રૂટ, ટ્રાફિક કંટ્રોલ સહિતની ટેકનીકલ સહાયના માટે એક રડાર મુકાશે જેની મદદથી હવાઈ સેવા વધુ અદ્યતન બનશે તેવુ પણ સુત્રોમાંથી જાણવા મળેલ છે.

વડાપ્રધાનના ડ્રિમ પ્રોજેક્ટ હિરાસર ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલમાં હાલ બીજા તબક્કાનાં પ્રોજેક્ટો ઝડપભેર પૂર્ણતાનાં આરે છે. જે ભવિષ્યમાં ઈન્ટરનેશનલ હવાઈ સેવા માટે સક્ષમ બનશે.

હાલ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં મુંબઈ, દિલ્હી, બેંગ્લોર, પુના, હૈદરાબાદ, જેવા મેટ્રો શહેરને જોડતી સીધી હવાઈ સેવા ઉપલબ્ધ હોવાથી સૌરાષ્ટ્રનાં વેપાર-વાણિજય, પર્યટન પ્રવાસન સ્થળોના વિકાસ માટે પ્રેરક બની છે. નવા ઈન્ટરનેશનલ એરપોર્ટની હવાઈ સેવાથી સૌરાષ્ટ્રનાં મુસાફરોને હવાઈ સેવા ઉપયોગી નિવડી રહી છે.

# ગુજરાતમાં ગીધ સંરક્ષણ સમિતિની રચના, ૧૧ સભ્યોની ટીમ નિરીક્ષણ-સંરક્ષણ વધુ સુનિશ્ચિત કરશે

### ગીધના આવાસોને સુરક્ષિત કરવા માટે વીજળીના તારના ઝાટકા (ઈલેક્ટ્રોક્યુશન), ઝેર અને વસવાટોમાં વિક્ષેપ જેવા જોખમોનું નિરીક્ષણ કરવું તથા ગીધ સંવર્ધન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવશે.

ગીધ પક્ષી મૃત પશુઓનું ભક્ષણ કરીને, બીમારીઓને ફેલાતી અટકાવીને તેમજ પર્યાવરણની સ્વચ્છતા સુનિશ્ચિત કરીને પર્યાવરણીય સંતુલન જાળવી રાખવામાં ખૂબ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આજે ગુજરાત સહિત રાષ્ટ્રીય સ્તરે ગીધની વસ્તી દિન-પ્રતિદિન ઘટી રહી છે, જેના કારણે ઈકોલોજીકલ સિસ્ટમનું સંતુલન ખોરવાઈ રહ્યું છે. પ્રકૃતિને બચાવવા અને તેના સંરક્ષણ માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે.જેના ભાગરૂપે ગીધ પક્ષીની ઘટતી વસ્તીને બચાવવા રાજ્યના વન વિભાગ દ્વારા 'ગુજરાત રાજ્ય ગીધ સંરક્ષણ સમિતિ''ની રચના કરવામાં આવી છે. આ સમિતિના ચેરમેન તરીકે પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ, વાઈલ્ડલાઈફ અને ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન, ગુજરાત રાજ્ય સહિત કુલ ૧૧ સભ્યોની નિમણૂક કરવામાં આવી છે.

આ સમિતિ દ્વારા ગીધના સંરક્ષણ માટે વિવિધ પગલાં લેવામાં આવશે જેમ કે, સમગ્ર રાજ્યમાં ગીધની વસ્તીનું નિયમિત નિરીક્ષણ કરવું, તેના રક્ષણ અને સંરક્ષણ સુનિશ્ચિત કરવા યોગ્ય પગલાં લેવા, ગીધોના મૃતદેહની તપાસ કરવી, રાજ્યમાં વલ્ચર સેફ ઝોન બનાવીને ગીધોની સલામતી ક્ષેત્રનું નેટવર્ક વધારવું, ડિક્લોફેનાક દવા પરના પ્રતિબંધનો કડક અમલ સુનિશ્ચિત કરીને સલામત વિકલ્પોને પ્રોત્સાહિત કરવા, ગીધના આવાસોને સુરક્ષિત કરવા માટે વીજળીના તારના ઝાટકા (ઈલેક્ટ્રોક્યુશન), ઝેર અને વસવાટોમાં વિક્ષેપ જેવા જોખમોનું નિરીક્ષણ કરવું તથા ગીધ સંવર્ધન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવશે.




ઘણા વર્ષો પહેલા રાજ્યમાં ગીધની વસ્તી બહુ સમૃદ્ધ હતી, પરંતુ વર્ષ ૧૯૯૦ના દાયકા દરમિયાન ગુજરાત સહિત સમગ્ર દક્ષિણ એશિયામાં ગીધની સંખ્યામાં ૯૦ ટકાથી વધુનો તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. આ ઘટાડાનું મુખ્ય કારણ પશુઓની સારવાર માટેની દવા ડિક્લોફેનાકનો વ્યાપક ઉપયોગ છે, જે ગીધ માટે ખૂબ ઝેરી છે. આ દવા ખાસ કરીને સફેદ પૂંછવાળા ગીધ (જિપ્સ બેંગાલેન્સિસ) અને ભારતીય ગીધ (જિપ્સિન્ડિકસ) જેવી જિપ્સ પ્રજાતિઓને ખૂબ મોટી અસર કરે છે.₹અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારના વન વિભાગે ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ-ગીર ફાઉન્ડેશનના સહયોગથી વર્ષ ૨૦૦૫માં ગીધની વસ્તીનું નિરીક્ષણ કરવાનું શરૂ કર્યું હતું. પ્રારંભિક પ્રયાસો સફેદ પૂંછવાળા ગીધ અને ભારતીય ગીધ પર કેન્દ્રિત હતા અને ત્યારબાદ આ પ્રયાસો ઈજિપ્શિયન ગીધ (નિયોફ્રોન પર્નોપ્ટરસ) અને લાલ માથાવાળા ગીધ (સર્કોજિપ્સ કેલ્વસ) સુધી વિસ્તારવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય સ્તરે કેન્દ્રના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૦૬માં ગીધ સંરક્ષણ માટે એક્શન પ્લાન () બહાર પાડીને ઝડપી પગલાં લેવામાં આવ્યા હતા. આ રાષ્ટ્રીય પ્રયાસોને ધ્યાનમાં રાખીને, ગીધ સંરક્ષણ માટેની પહેલ થકી રાજ્ય સરકારે 'ગુજરાત રાજ્ય ગીધ સંરક્ષણ સમિતિ'ની રચના કરી છે.

## જીએસટી કાઉન્સીલે સેવા કરપાત્ર હોવાની ચોખવટ કરતા ધડાધડ નોટીસો

# ઈન્ટરનેશનલ બોર્ડ સાથે જોડાણ ધરાવતી સ્કુલોને GSTની નોટીસ

## ૨૦૧૭ ની પાછલી અસરથી ટેકસ ચુકવવા સુચનાઃ જોડાણ ધરાવતી દરેક સ્કુલને ૨૫-૩૦ લાખ ચુકવવા પડે તેવી નોબતઃ શિક્ષણ ક્ષેત્રે સોંપોઃ સંચાલકો કાનુની સલાહ મેળવવા લાગ્યા




અમદાવાદ,તા.૬

આંતર રાષ્ટ્રીય શિક્ષણ બોર્ડ-સંસ્થાઓ સાથે જોડાણ ધરાવતી ગુજરાતની સંખ્યાબંધ સ્કુલોને જીએસટી વિભાગે નોટીસ ફટકારતાં શિક્ષણ ક્ષેત્રે ખળભળાટ મચી ગયો છે. ૨૦૧૭ ની પાછલી અસરથી જોડાણ ફીમાં ૧૮ ટકાના દરે ટેકસ ભરવા સુચવાયું છે. આ કદમથી સ્કુલો ફી વધારો કરે તેવા પણ ભણકારા છે. સ્કુલો દ્વારા આંતર શિક્ષણ બોર્ડ સાથેના જોડાણને આયાતી સેવા ગણવામાં આવી રહી છે અને રીવર્સ ચાર્જ મિકેનીઝમ હેઠળ ૧૮ ટકાના દરે જીએસટી ચુકવણાનું કહેવામાં આવ્યું છે. ટેકસ જવાબદારીનો આ આંકડો લાખોમાં થવા જાય તેમ હોવાથી સ્કુલ સંચાલકો તેનો બોજ વિદ્યાર્થીવાલીઓ પર ઝીંકી શકે છે. પરિણામે ફી વધારાની સ્થિતિ સર્જાશે. કરવેરા નિષ્ણાંતોનાં કહેવા પ્રમાણે કાયદાનુસાર સેવા (સર્વીસ) ની આયાત સપ્લાય તરીકે ગણાય છે અને તે કરપાત્ર છે.કેમ્બ્રીજ સ્કુલોએ ૧૮ ટકાના ધોરણે જીએસટી ચુકવવો પડે ૧ જુલાઈ ૨૦૧૭ ની પાછલી અસરથી તે માંગવામાં આવ્યો છે.

જીએસટી કાઉન્સીલની ગત સપ્ટેમ્બરમાં યોજાયેલી બેઠકમાં આ મુદે સ્પષ્ટતા થયા બાદ સ્કુલોને નોટીસો ફટકારવામાં આવી છે. જીએસટી કાઉન્સીલે સ્પષ્ટ કર્યું હતું કે સેન્ટ્રલ શિક્ષણ બોર્ડ કાઉન્સીલ અથવા સમાન સંસ્થા દ્વારા અપાતી જોડાણ સેવા કરપાત્ર બને છે. શિક્ષણ સેવા પર કોઈ જીએસટી નથી પરંતુ સ્કુલોનાં જોડાણ સહીતની અન્ય સેવા જીએસટીનાં દાયરામાં આવે છે. રિવર્સ ચાર્જ મીકેનીઝમ હેઠળ ઈનપુટ ચેકસ ક્રેડીટનાં લાભ વિના સ્કુલો ૧૮ ટકા જીએસટી ચુકવવા બંધાયેલી છે.

કરવેરા નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે, જીએસટી વિભાગે ટેકસ ઉપરાંત ચડત વ્યાજ અને પેનલ્ટીની રકમ ઉમેરીને નોટીસો ફટકારી છે. આવી સ્કુલને અંદાજીત ૨૫ થી ૩૦ લાખ ચુકવવાની નોટીસ છે. આ પ્રકારની નોટીસથી સ્કુલ સંચાલકો સ્તબ્ધ બની ગયા છે અને કાનુની સલાહ મેળવવા લાગ્યા છે.

કેમ્બ્રીજ એન્ડ ઈન્ટરનેશનલ બોર્ડ સાથે જોડાણ ધરાવતી જે.જી.ઈન્ટરનેશનલ સ્કુલનાં ચેરમેન એમ.પી.ચંદ્રને કહ્યું કે જીએસટી વિભાગની કાર્યવાહી એકતરફી છે અને સુનાવણી માટે પણ તેડાવાયા નથી. તુલીપ, આનંદ નિકેતન સહીત રાજયની ૫૦ જેટલી સ્કુલોને આ પ્રકારની નોટીસો ફટકારવામાં આવી છે.

# રાજ્ય સરકારના કર્મચારીઓના DAમાં ૩ ટકાનો વધારો જાન્યુઆરીના પગારમાં તફાવતની રકમ ચુકવાશે



ગાંધીનગર રાજ્ય સરકારે તેના કર્મચારીઓ અને પેન્શનરોને મળવાપાત્ર મોંઘવારી ભથ્થા દરમાં ૧લી જુલાઈ-૨૦૨૪ની અસરથી ૩ ટકાનો વધારો જાહેર કર્યો છે. પરિણામે રાજ્ય સરકાર અને પંચાયતોના કર્મચારીઓને જુલાઈ-૨૦૨૪થી નવેમ્બર-૨૦૨૪ સુધીના સમયગાળા માટે મળવાપાત્ર મોંઘવારી ભથ્થાનો દર હાલ ૫૦ ટકા છે.

જે હવે વધીને ૫૩ ટકા થયો છે. રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર જેમને હાલ સાતમાં પગાર પંચ મુજબ પગાર સુધારણાનો લાભ મળે છે તેવા કર્મચારીઓને જ મોંઘવારી ભથ્થામાં કરાયેલા ૩ ટકા વધારાનો લાભ મળવાપાત્ર થશે.

એવી જ રીતે આ હુકમનો લાભ અખિલ ભારતીય સેવા (એઆઈએસ)ના અધિકારીઓને પણ મળશે. રાજ્ય સરકારના પેન્શનરોને જુલાઈ-૨૦૨૪થી નવેમ્બર-૨૦૨૪ સુધી મળવાપાત્ર હંગામી વધારાના તફાવતની રકમ રોકડમાં સરકારી કર્મચારીઓની જેમ જાન્યુઆરી-૨૦૨૫ના પેન્શનની રકમમાં રોકડમાં ચુકવાશે.

જેમના પ્રોવિડન્ડ ફંડ ખાતા રાજ્ય સરકાર હસ્તક છે અને જેમના કર્મચારીઓને સરકારની મંજૂરીથી સાતમાં પગાર પંચ પ્રમાણે પગાર સુધારણાનો લાભ મળે છે તેવા તમામ સરકારી કર્મચારીઓ, પંચાયતોના કર્મચારીઓ, માધ્યમિક શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિન સરકારી શાળાઓ કે સંસ્થાઓના કર્મચારીઓને પણ રાજ્ય સરકાર દ્વારા હાલ મોંઘવારી ભથ્થાના દરમાં કરાયેલા આ ૩ ટકા વધારાનો લાભ મળશે.

સરકારે એવી પણ સ્પષ્ટતા કરી છે કે, જેમને આ પગાર પંચ મુજબ પગાર સુધારણાનો લાભ મંજુર કરાયેલા છે. તેવા પ્રાથમિક શિક્ષકો અને પંચાયતોમાં પ્રતિ-નિયુક્તિ ઉપર હોલ તેવા કે બદલી પામેલા કર્મચારીઓ કે કામ પૂરતા મહેકમ પરના કર્મચારીઓને પણ આ હુકમનો લાભ જરૂરી ફેરફાર સાથે મળવાપાત્ર થશે.

# એકનાથ શિંદેનો સમય પૂરો, સંજય રાઉતે સીએમ પદ ગુમાવવા પર કટાક્ષ કર્યો



મહારાષ્ટ્રઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીનાં પરિણામો જાહેર થયાં બાદ ચાલી રહેલી રાજકીય અસ્થિરતા વચ્ચે દેવેન્દ્ર ફડણવીસ આજે મુખ્યમંત્રી તરીકે શપથ લેવા જઈ રહ્યાં છે. આ દરમિયાન શિવસેનાના નેતા સંજય રાઉતે એકનાથ શિંદેને લઈને નિવેદન આપ્યું છે.


રાઉતે કહ્યું કે એકનાથ શિંદેનો યુગ પૂરો થઈ ગયો છે. તેની ઉંમર માત્ર બે વર્ષની હતી. તેની જરૂરિયાત હતી, હવે પૂરી થઈ ગઈ છે. હવે તેઓને ફેંકી દેવામાં આવ્યાં છે. હવે શિંદે ક્યારેય આ રાજ્યનાં મુખ્યમંત્રી નહીં બને. આ લોકો શિંદેની પાર્ટીને પણ તોડી શકે છે.

સંજય રાઉતે કહ્યું કે ભાજપની હંમેશાં રણનીતિ રહી છે કે તેઓ જેની સાથે કામ કરે છે તેમની પાર્ટીને તોડે છે. દેવેન્દ્ર ફડણવીસ આજથી આ રાજ્યનાં મુખ્યમંત્રી બનશે. તેમની પાસે બહુમતી છે. રાઉતે કહ્યું કે બહુમતી હોવા છતાં તેઓ ૧૫ દિવસ સુધી સરકાર બનાવી શક્યાં નથી.

મતલબ કે પાર્ટીની અંદર કે મહાયુતિમાં કંઈક ગરબડ છે અને આવતીકાલથી આ સમસ્યા દેખાશે. તેઓ મહારાષ્ટ્ર કે દેશનાં હિત માટે કામ નથી કરી રહ્યાં. તેઓ પોતાનાં સ્વાર્થ માટે ભેગાં થયાં છે. ચૂંટણીનાં પરિણામો જાહેર થયાં બાદ લગભગ દોઢ સપ્તાહ સુધી મુખ્યમંત્રી પદને લઈને સસ્પેન્સ હતું. એવું કહેવામાં આવી રહ્યું હતું કે એકનાથ શિંદે ફરીથી મુખ્યમંત્રી બનવા માંગે છે.

# અમદાવાદની રીક્ષાઓમા મીટર ફરજીયાતઃ રાજકોટમાં નહીં

## ૧૦ થી ૨૦ ના લોકલ ભાડા વચ્ચે મુસાફરો મીટર ભાડું મોંઘુ પડે



રાજકોટ,તા.૬

અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા શહેરમાં ઓટો રિક્ષાને લઈને મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત આગામી ૧ જાન્યુઆરીથી તમામ ઓટો રિક્ષામાં મીટર ફરજીયાત કરી દેવામાં આવ્યું છે. જો કોઈ રિક્ષા મીટર વગર પકડાશે, તો તેને દંડ ફટકારવામાં તેમજ વાહન ડિટેઈન પણ કરવામાં આવી શકે છે.

આ અંગે વિગતો આપતા પોલીસ કમિશનર જી.એસ. મલિકે જણાવ્યું કે, છેલ્લા ઘણાં સમયથી રિક્ષા ચાલકો પેસેન્જર પાસેથી મનફાવે તેમ વધારે ભાડું વસૂલતા હોવાની ફરિયાદો અમને મળતી હતી. રિક્ષા ચાલકો વ્યાજબી ભાડું વસૂલે, તે માટે કોઈ સિસ્ટમ અત્યારે નથી.₹જેથી અમે આગામી ૧ જાન્યુઆરીથી શહેરમાં ફરતી તમામ રિક્ષા પર મીટર ફરજીયાત કરવાનો નિર્ણય લીધો છે.આવતા મહિનેથી જો કોઈ રિક્ષા મીટર વિના દેખાશે, તો પહેલી વખત દંડ વસૂલવામાં આવશે. જ્યારે બીજી વખત આજ રિક્ષા મીટર વિના પકડાશે, તો ડ્રાઈવરની પરમિટ કેન્સલ થઈ જશે અને રિક્ષા પણ ડિટેઈન કરવામાં આવી શકે છે.જોકે રાજકોટમા આ પ્રકારનો કોઈ નિયમ આવ્યો નથી. રિક્ષા ચાલકો ૧૦ થી ૨૦ ના ભાડા ઉપર સવારી લેતા હોય છે.

# રાજકોટમા પણ પુષ્પા - ૨એ તમામ રેકોર્ડ તોડયાઃ એક જ દિવસમાં રાઉન્ડ ધી ક્લોક ૧૧૦ શો

## રાજકોટમાં પ્રથમ શો વખતે ઢોલ – નગારા સાથે ફેન્સની ઉજવણી ભવ્ય આતશબાજી



રાજકોટ,તા.૬

આજે દેશભરમાં સાઉથ સુપર સ્ટાર અલ્લું અર્જુન અને રશ્મિકા મંદાનાની ફિલ્મ રિલીઝ થઈ છે. ''પુષ્પા'' ફિલ્મ ફ્રેંચાઈઝનો આ બીજો ભાગ છે. જે ''પુષ્પા ધી રૂલ'' કહેવાય છે. આજે રાજકોટમાં ફિલ્મ રિલીઝ થઈ છે. જેમાં પ્રથમ વખત એવું બન્યું હશે જ્યારે ૨૪ કલાક સુધી કોઈ ફિલ્મના શો ચાલતા હશે.

રાજકોટમાં ૧૧૦ શો છે અને તેમાં પણ સવારે ૭ થી મધરાત્રે ૩ સુધી ચાલુ થનાર શો છે. ઑનલાઈન બુકિંગ એપ બુક માય શો માંથી મળતી માહિતી મુજબ દર કલાકે ૫૦,૦૦૦ થી વધારે લોકો સર્ચ કરે છે શો બુક કરવા માંગે છે. રાજકોટમાં આઈનોક્સ આર.વર્લ્ડ, કાર્નિવલ, કોનપ્લેક્સ, કોસ્મોપ્લેક્સ, સીનેપોલીસ, ક્રિસ્ટલ મોલ - મૂવી ટાઇમ સહિત ૯ થિયેટરમાં ૩ તેલુગુ સહિત ૧૧૦ શો ચાલી રહ્યા છે. પુષ્પા ના આજે સૌપ્રથમ શો વખતે સાઉથ ઈન્ડીયન સુપર સ્ટારના ચાહકો દ્વારા થિયેટર બહાર લાઈનો લાગી અને અલ્લુ અર્જુનના પોસ્ટર પર દૂધ થી અભિષેક કર્યો, ઢોલ નગારા વગાડી, અગરબત્તી કરી અને જાણે સાક્ષાત ભગવાનનો અવતાર હોય તેમ ઉજવણી કરી હતી.

પુષ્પા માટે ખૂબ જ ક્રેઝ છે, હૈદરાબાદમાં પ્રીમિયર શો વખતે એટલા લોકો અલ્લુ અર્જુનને જોવા ઉમટી પડ્યા કે ભાગદોડમાં એક વ્યક્તિનું મોત થયું. આ ત્રણ કલાક અને ૨૦ મિનિટ લાંબી ફિલ્મ નિહાળવા માટે લોકો ઘણાં ઉત્સુક છે અને ભારતનું સૌથી મોટી ઓપનિંગ ધરાવતી ફિલ્મ બની શકે છે.

# ભર શિયાળે કેરીની આવકઃ પોરબંદર યાર્ડમાં કેસર કેરીની હરરાજીમાં બોક્સ રૂ.૧૦ હજારમાં વેંચાયુ

## કેરીના બે બોક્સની આરતી ઉતારી જય માતાજીના નાદ સાથે હરરાજી થઇઃ પેંડા વહેંચી ખુશી મનાવાઇ



પોરબંદર, તા.૬

પોરબંદર માર્કેટિંગ યાર્ડમાં શિયાળાની શરૂઆતમાં જ ઉનાળુ કેસર કેરીનું આગમન થઈ ચૂક્યું છે. સામાન્ય રીતે ઉનાળાના સમયમાં કેસર કેરીની આવક જોવા મળતી હોય છે અને રૂ. ૫૦૦થી ૧૦૦૦ સુધીના કેરીના બોકસનુ વેંચાણ થતું હોય છે. પરંતુ આજ કેસર કેરી શિયાળામાં દશ ગણા ભાવે વેંચાય છે.

પોરબંદરના બરડા પંથકમાં આવેલા આંબાના બગીચામાં હાલ શિયાળાના સમયમાં કેટલાક આંબામાં કેસર કેરીનું ઉત્પાદન થયું છે. એક સપ્તાહમાં ત્રીજી વખત કેસર કેરીની આવક જોવા મળી હતી. કેસર કેરીના બે બોકસની આવક જોવા મળી હતી જેમાં એક કેરીનું બોકસ રૂ.૧૦ હજારમાં વેંચાયું !

પોરબંદરમાં શિયાળાના સમયમાં માર્કેટીગ યાર્ડમાં કેસર કેરીની આવક જોવા મળી રહી છે. યાર્ડમાં ફળોની હરાજી કરતા કેતન રાયચુરાને ત્યાં ખંભાળાના ખેડૂત નાથભાઈ કારાભાઈ મોરી બે કેસર કેરીના બોક્સ લઈને આવ્યા હતા. જેને પગલે વેપારીઓમાં ખુશી જોવા મળી હતી.

વેપારી કેતન રાયચુરાએ તો કેસર કેરીના બોકસને અગરબત્તી કરી હતી અને પેંડા વહેંચી જય માતાજીના નાદ સાથે કેસર કેરીના બે બોકસની હારાજી શરૂ કરી હતી. બન્ને બોકસ રૂ.૧૦-૧૦ હજારમાં વેંચાયા હતા જેને પગલે ખેડૂતના ચહેરા પર ખુશી જોવા મળી હતી. દિલીપભાઈ નામના વ્યકિતએ બંને બોક્સની ખરીદી કરી હોવાનું વેપારીએ જણાવ્યું હતું. છેલ્લા પાંચ દિવસમાં આજે સૌથી વધારે એટલે કે રૂ.૧૦ હજારનું બોક્સ વેંચાયું હતું.

પાંચ દિવસ પૂર્વે આવેલું કેસર કેરીનું બોક્સ રૂ.૮૫૦૧માં વેંચાયું હતું. જ્યારે બે દિવસ પૂર્વે આવેલું કેસર કેરીનું બોક્સ રૂ.૭૫૦૧માં વેંચાયું હતું. જ્યારે આજે રૂ.૧૦ હજારમાં એક બોક્સ વેચાયું હતું.

# ઈ-મેમોથી બચવા નંબર પ્લેટમાં છેડછાડ કરનાર બાઈક ચાલક સામે ગુનો નોંધાયો



રાજકોટ. તા.૬

સંજયનગરમાં રહેતાં બાઈક ચાલક ઈ-મેમોથી બચવા નંબર પ્લેટમાં છેડછાડ કરી નીકળતા પ્ર. નગર પોલીસે તેમને પકડી પાડી ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. પ્રાપ્ત વિગત મુજબ, પ્ર. નગર પોલીસ મથકના કોન્સ્ટેબલ રાહુલભાઇ મેટાલીયા,રવિભાઇ રાઠોડ સહિતનો સ્ટાફ જામનગર રોડ જામ ટાવર ચોક ખાતે વાહન ચેકિંગમાં હતા.

ત્યારે હેલ્મેટ સિવાય વાહન ચલાવી માધાપર ચોકડી તરફથી જામટાવર ચોક તરફ જાહેર રોડ ઉપર આવતા તેને રોકી બાઈક ચાલકને બાઇકમાં આગળના તેમજ પાછળના ભાગે નંબર પ્લેટ જોતા જી.જે. ૦૩ એમ.એન.૦૩૬૦ હોય.

જે નંબર પ્લેટમા આગળ રહેલ શુન્ય (૦) અંક ઘસીને કલર કાઢીને ભુસી નાખેલ જોવામા આવતા નંબર પ્લેટમા આપેલ નંબરમાં છેડછાડ કરેલ હોય જેથી બાઈક ચાલકનું નામ પુછતાં પોતાનું નામ ધ્યાનેશ પ્રવિણભાઇ મોરાણીયા (ઉ.વ.૨૪),( રહે. સંજયનગર શેરી નં-૪ સંતકબીર રોડ જય અંબે ફર્નીચરની સામે) જણાવ્યું હતું. આરોપીએ શહેર તેમજ સમ્રગ રાજ્યમાં ટ્રાફિકના નિયમોના ઉલ્લંઘન અંગે સી.સી.ટી.વી. કેમેરા દ્વારા ઈ-ચલણ આપવાની પ્રક્રિયા ચાલુમાં હોય જેના દંડથી બચવા પોતાના વાહનના અસલ નંબર છુપાવવાના હેતુથી આર.ટી.ઓ. દ્વારા ફાળવામાં આવેલ માન્ય રજીસ્ટ્રેશન નંબર પ્લેટમા પોતાના વાહનના આગળ તેમજ પાછળના ભાગે નંબર પ્લેટમા આગળનો (૦) શુન્ય અંકમા ઘસી ચેકી નાખી નંબર પ્લેટમા છેડછાડ કરી હેલ્મેટ વગર નીકળતા ફરીયાદ નોંધાઈ હતી.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.06/12/2024 FRIDAY


# યુવા ઉત્સવ વિસરાતી જતી કળાઓને જીવંત રાખવા તથા વિદ્યાર્થીઓમાં રહેલા સુષુપ્ત કૌશલ્યને ઉજાગર કરવાનું માધ્યમ બન્યો છે : મેયર

## અતિથિઓએ એગ્રો પ્રોડક્ટ, ટેક્સ ટાઈલ્સ, હેન્ડી ક્રાફ્ટ, વિજ્ઞાન મેળાનું પ્રદર્શન નિહાળ્યું કુલ ૪૦ સ્પર્ધાઓમાં ૧૧૫૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે






રાજકોટ, તા.૬

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને રાજકોટ જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે હેમુગઢવી હોલ ખાતે આયોજિત રાજ્યકક્ષા યુવા ઉત્સવ - ૨૦૨૪નો શુભારંભ મેયરશ્રી નયનાબેન પેઢડીયાના હસ્તે કરાયો હતો. ઉલ્લેખનીય છે કે આ ત્રિદિવસીય યુવા ઉત્સવમાં કુલ ૪૦ સ્પર્ધાઓમાં ઝોનકક્ષાએ પ્રથમ ક્રમ અને દ્વિતિય ક્રમે વિજેતા થયેલા કુલ ૧૧૫૦ કલાકારો ભાગ લઈ રહ્યા છે.

આ તકે રાજકોટ શહેરના પ્રથમ નાગરિકશ્રી નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે અહીં દુહા, છંદ, લોકગીત, લોકનૃત્ય જેવી અનેક કલાઓના કલાકારોને મંચ પ્રાપ્ત થનારું છે. યુવા ઉત્સવ વિસરાતી જતી કળાઓને જીવંત રાખવા તથા વિદ્યાર્થીઓમાં રહેલા સુષુપ્ત કૌશલ્યને ઉજાગર કરવાનું માધ્યમ બન્યો છે. ગુજરાત સરકાર ખેલ મહાકુંભ, કલા મહાકુંભ, યુવા મહોત્સવ જેવા અનેક પ્રકલ્પો થકી યુવા પ્રતિભાની કલા અને આવડતને પ્રોત્સાહન આપે છે. રાજ્યભરમાંથી ભાગ લેવા આવેલા સ્પર્ધકો ઉત્કૃષ્ટ દેખાવ કરીને રાષ્ટ્રકક્ષાએ વિજેતા બને, તેવી શુભેચ્છા છે. સાથેસાથે સ્પર્ધકો અટલ સરોવર, પ્રદ્યુમ્ન પાર્ક જેવા ફરવાલાયક સ્થળોની મુલાકાત લે, તેવો અનુરોધ છે.

આ પ્રસંગે મહેમાનોનું ઢોલનગારાંના નાદ સાથે સ્વાગત કરાયું હતું. કાર્યક્રમનો આરંભ દીપ પ્રાગટ્યથી કરાયા બાદ પુષ્પગુચ્છ અને સ્મૃતિભેટથી મહેમાનોનું અભિવાદન કરાયું હતું. રાજકોટ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી હિતેશભાઈ દિહોરાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. શ્રી પરેશભાઈ વડગામાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અતિથિઓએ એગ્રો પ્રોડક્ટ, ટેક્સ ટાઈલ્સ, હેન્ડી ક્રાફ્ટ, વિજ્ઞાન મેળાનું રીબીન કટ કરીને ઉદ્દઘાટન કરીને પ્રદર્શન નિહાળ્યું હતું.આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારીશ્રી મહેકબેન જૈન, રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દીક્ષિતભાઈ પટેલ, સુરેન્દ્રનગર જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી ભરતસિંહ ગોહિલ, જામનગર જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી મોહસીન ખાન પઠાણ, ગીર સોમનાથ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી હરેશભાઈ મકવાણા, ભરૂચ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી મીતાબેન ગવલી સહિતના અધિકારીઓ, કર્મચારીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજકોટ બાર એસો.ની ચૂંટણીમાં કાર્યદક્ષ પેનલે ઉમેદવારી નોંધાવી

## પેનલના તમામ ઉમેદવારોને ફૂલ હાર કરી જીતનો વિશ્વાસ વ્યક્ત કરાયોઃ પ્રમુખ પદના દાવેદાર દિલીપ જોષીએ પણ ફોર્મ ભર્યું





રાજકોટ, તા.૬

રાજકોટ બાર એસો.ની ચૂંટણીમાં કાર્યદક્ષ પેનલે ઉમેદવારી નોંધાવી છે. વકીલોમાં ત્રણ પેનલ આ વખતે ચૂંટણી લડશે તેવી ચર્ચા થઈ રહી છે. પણ હજુ સુધી એક જ પેનલની જાહેરાત થઈ છે. બીજી બે પેનલો માટે વકીલ આગેવાનો કમર કસતા હોવાનું જાણવા મળે છે.

રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણી આગામી તા. ૨૦ ડિસેમ્બરે યોજાશે. ૬ હોદ્દેદારો અને મહિલા અનામત સહિત દસ કારોબારી સભ્યોના પદ માટે ચૂંટણી થશે. જેમાં હાલ કાર્યદક્ષ પેનલના પ્રમુખપદના ઉમેદવાર દિલીપ જોષીએ તેમની કાર્યદક્ષ પેનલની જાહેરાત કરી છે. દિલીપભાઈએ સત્તાવાર નિવેદન આપતાં જણાવ્યું કે, મારાં વડપણ વાળી પેનલમાં વકીલ ઉમેદવારો સ્વયંભુ જોડાયા છે. આજે પેનલના બધા ઉમેદવારે ફોર્મ ભર્યા છે. અમારી પેનલ એકજુટ થઈ વકીલોના કામ કરશે. બાર અને બેંચ વચ્ચે સમતુલા જળવાય રહે તે માટે કામ કરશે. જુનિયર અને સિનિયર વકીલો મત રૂપી આશીર્વાદ અમારી પેનલને આપે તેવી અપીલ કરીએ છીએ.

આ પેનલમાં પ્રમુખ પદે દિલીપ એન. જોષી, ઉપપ્રમુખ પદે મયંક આર. પંડ્યા, સેક્રેટરી પદે સંદિપ એમ. વેકરીયા, જોઈન્ટ સેક્રેટરી પદે જીતેન્દ્ર એચ. પારેખ, ટ્રેઝરર પદે કૈલાશ જે. જાની, લાયબ્રેરી સેક્રેટરી પદે રવિ બી. ધ્રુવ, કારોબારી સભ્ય પદે ચિત્રાંક એસ. વ્યાસ, મહેશ એન. પુંધેરા, હુસેન એમ. હેરંજા, અનિલ બી. ડાકા, હિરેન પી. ડોબરીયા, નીલ વાય. શુક્લા, કિશન, એસ. રાજાણી, સંજય એન. કવાડ, ભાવિક ટી. આંબલીયા. મહિલા અનામત કારોબારી પદે રૂપલબેન બી. થડેશ્વરએ ઉમેદવારી નોંધાવી છે.રાજકોટ બારની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તા.૬/૧૨/ ૨૦૨૪ સાંજે ૫ વાગ્યા સુધી છે. ઉમેદવારી પત્રોની ચકાસણી તા. ૯/૧૨/ ૨૦૨૪ અને ઉમેદવારોની પ્રથમ યાદી આજ દિવસે સાંજે ૫ વાગ્યા સુધીમાં જાહેર થશે.

# સૌરાષ્ટ્ર યુનિ.ની કોલેજોએ હવે તા.૩૧ માર્ચ સુધીમાં માન્યતા પ્રાપ્ત અધ્યાપકોની નિમણુંક કરવી ફરજીયાત




રાજકોટ તા.૫

સૌરાષ્ટ્ર યુનિ. સંલગ્ન કોલેજોએ હવે આગામી તા.૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં માન્યતા પ્રાપ્ત અધ્યાપકોની નિમણુંક કરવી ફરજિયાત છે જે કોલેજોમાં માન્યતા પ્રાપ્ત અધ્યાપકો નહીં હોય તેવી કોલેજોને વર્ષ ૨૦૨૫-૨૬ના શૈક્ષણિક વર્ષ માટે વિદ્યાર્થી પ્રવેશની મંજુરી આપવામાં આવશે નહીં.સૌરાષ્ટ્ર યુનિ. ખાતે ગઈકાલે એકેડેમીક કાઉન્સીલની કાર્યકારી કુલપતિ ડો. ડોડીયાના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં આ અંગે નિર્ણય લેવામાં આવેલ હતો.જેમાં કોલેજોને માન્યતા પ્રાપ્ત અધ્યાપકોની યાદી યુનિ.ના જોડાણ વિભાગમાં તા.૩૧-૩ સુધીમાં રજુ કરવાની પણ તાકીદ કરવામાં આવી હતી.

આ ઉપરાંત યુનિ. સંલગ્ન દરેક કોલેજોએ તા.૩૧ માર્ચ સુધીમાં ફાયર એન.ઓ.સી. બી.યુ.પી. સર્ટીફીકેટ તેમજ સ્ટેચ્યુટની જોગવાઈ મુજબ નેક એક્રેડીટેશન ફરજિયાત મેળવી લેવાતું રહેશે. યુની.માં દોઢ વર્ષના લાંબા સમયગાળા બાદ મળેલી એકેડેમીક કાઉન્સીલની આ બેઠકમાં કોલેજમાં નવા જોડાણ તથા નવી કોલેજોને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ માટે કુલપતિ દ્વારા બહાલીની અપેક્ષાએ ભલામણ કરવામાં આવી હતી તેવી કોલેજોને પણ આજની આ કોલેજોમાં મંજુરી આપવામાં આવી હતી. તેની સાથોસાથ કોલેજોના ચાલુ વધારાના જોડાણને પણ બહાલી આપવામાં આવી હતી.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# મહારાષ્ટ્રમાં શ્રી એકનાથ સિંદેજી નાયબ મુખ્યમંત્રી પદ ગ્રહણ કરતા શિવસેના રાજકોટ દ્વારા જનતાના મોં મીઠાં કરાવ્યા

■ **ત્રિકોણબાગ ચોક ખાતે ગુરૂવારે સાંજે અતાશબાજી કરી ઉજવણી કરાઇ**

રાજકોટ, તા. ૫ઃ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ભા.જ.પ. શિવસેના અને સાથી પક્ષોની ભવ્ય જીત બાદ રાજ્યમાં સંયુક્ત સરકારની રચના થતા શ્રી દેવેન્દ્ર ફડણવીશ રાજ્ય ના મુખ્યમંત્રી શ્રી તેમજ શિવસેના ના સર્વે સર્વો એવા લોકલાડીલા નેતા શ્રી એકનાથ શિંદે સાહેબ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી પદે શપથ ગ્રહણ કરતા શિવસેના



ગુજરાતના હોદેદારો અને શિવ સૈનિકોમાં હરખની હેલી છલકાઈ છે.

આ અંતર્ગત ત્રિકોણબાગ ચોક ખાતે આજે સાંજે અતાશબાજી કરી જનતાના મોં મીઠાં કરાવીને ખુશી વ્યક્ત કરી હતી

આ પ્રસંગે શિવસેના પ્રદેશ પ્રભારી શ્રી જિમ્મી ભાઈ અડવાણી, જયપાલસિંહ જાડેજા સૌરાષ્ટ્ર સંયોજક, જિલ્લા પ્રમુખ ચંદુભાઈ પાટડીયા,સંજય ટાંક,કુણાલ મિસ્ત્રી, જીત ખોપકર, ગોપાલ કુછડિયા, દિનેશ ગિરી, રવિ ગોંડલીયા, ધરમ વ્યાસ, પુષ્કર માધવાચારિય, ધ્રુવિક ભટ્ટ, રમેશભાઈ સોલંકી બલરામ ભાઈ ચૌહાણ, રવિ ભાઈ ગોંડલિયા, કમલેશ ભાઈ સોની, હાર્દિક પાટડિયા, જીત દવે સાગર ગજ્જર, ભરતભાઈ રેલવાની, સહીત હાજર રહ્યા હતા.

## રાજકોટ રેલ્વે ડિવિઝને ટિકિટ ચેકિંગ ઝુંબેશ દ્વારા રૂ. ૪.૪૦ કરોડની રકમ વસૂલ કરી



રાજકોટ, તા. ૫ઃ મુસાફરોને આરામદાયક મુસાફરી અને વધુ સારી સેવાઓ સુનિશ્ચિત કરવા માટે રાજકોટ રેલવે ડિવિઝન માં મેલ/એક્સપ્રેસ, હોલિડે સ્પેશિયલ તેમજ લોકલ ટ્રેનોમાં ટિકિટ વિનાના/અનિયમિત મુસાફરોને રોકવા માટે સતત સઘન ટિકિટ ચેકિંગ ડ્રાઇવ ચલાવવામાં આવી રહી છે. રાજકોટ ડિવિઝનના વાણિજ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓની દેખરેખ હેઠળ અત્યંત અનુભવી ટિકિટ ચેકિંગ ટીમ દ્વારા એપ્રિલથી નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન અનેક ટિકિટ ચેકિંગ ડ્રાઈવો હાથ ધરવામાં આવી હતી, જેમાં રૂ. ૪.૪૦ કરોડ મળ્યા હતા.

નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન ટિકિટ વિનાના, લગેજ બુક ન કરાવ્યો હોય તેવા અને ઉચ્ચ વર્ગમાં યાત્રા કરતાં હોય એવા અનાધિકૃત/અનિયમિત મુસાફરી ના ૬૩૭૭ મામલા શોધીને થી રૂ. ૪૧.૨૨ લાખની રકમ વસૂલ કરવામાં આવી હતી. ગેરકાયદેસર મુસાફરોને રોકવા માટે નિયમિત સરપ્રાઈઝ ટિકિટ ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવે છે. આ ડ્રાઈવોના પરિણામે, એપ્રિલથી નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન અંદાજે ૬૨૮૦૩ અનધિકૃત યાત્રીઓ પાસેથી ૪.૪૦ કરોડ રૂપિયા દંડ તરીકે વસૂલવામાં આવ્યો છે.

## વડાપ્રધાન સ્વામિત્વ યોજનામાં રાજકોટ જિલ્લો પ્રથમ સ્થાને




રાજકોટઃ કેન્દ્ર સરકારની વડાપ્રધાન સ્વામિત્વ યોજનામાં રાજકોટ જિલ્લો પ્રથમ સ્થાને આવેલ છે. ડી.આઈ.એલ.આર. વિભાગ દ્વારા જિલ્લાના ૪૪૨ ગામોમાં ૫૦ હજારથી વધુ મિલ્કતોના પ્રોપર્ટી કાર્ડ કાઢી આપવામાં આવેલ છે. ડી.આઈ.એલ.આર. વિભાગના અધિકારી પટેલની જહેમતથી ટુંકાગાળામાં જિલ્લાના ૪૪૨ ગામોમાં ૫૦ હજારથી વધુ પ્રોપર્ટીકાર્ડ કાઢી અપાતા રાજયમાં રાજકોટ જિલ્લાએ અગ્રહરોળનું પ્રાપ્ત કર્યું છે. વડાપ્રધાન સ્વામીત્વ યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં પ્રોપર્ટીકાર્ડની આ નોંધપાત્ર કામગીરી થવા પામી છે. આ અંગે ડી.આઈ.એલ.આર. અધિકારી પટેલ દ્વારા કલેકટરને રિપોર્ટ કરવામાં આવનાર છે.

## ચેતેશ્વર પૂજારાના સાળાની મુશ્કેલી વધી, દુષ્કર્મ કેસમાં કરેલી આગોતરા જામીન અરજી કોર્ટે ફગાવી



રાજકોટ,તા.૬

જાણીતા ક્રિકેટર ચેતેશ્વર પૂજારાના સાળા જીત પાબારી સામે ૨૯ વર્ષીય પૂર્વ મંગેતરે નોંધાવેલી દુષ્કર્મના ગુનામાં પોલીસ ધરપકડથી બચવા માટે કરેલી આગોતરા જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે.

ચેતેશ્વર પૂજારાના સાળા જીત પાબારી ૨૯ વર્ષીય યુવતીને લગ્નની લાલચ આપી બળજબરી પૂર્વક શારીરિક સંબંધ બાંધ્યા હતા. આ મામલે પૂર્વ મંગેતરે માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે.

પીડિતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪માં ફેસબુકમાં જીત પાબારીની ફ્રેન્ડ રીકવેસ્ટ આવેલી ત્યારથી અમો બંને સંપર્કમાં આવ્યા હતા. જીત પાબારીએ મને જણાવેલ કે, મને તું પસંદ છો અને મારે તારી સાથે લગ્ન કરવા છે. મારા મમ્મી, પપ્પા અને કુટુંબીજનો સાથે વાત કરી લ્યો.

આથી જીતના માતા-પિતા મારા માતા પિતાને મળેલ અને અમોના લગ્ન અંગેની વાતચીત કરેલ અને બંને પરિવારજનો લગ્ન બાબતે સહમત થયા હતા. જે બાદ જીતે અંગત પળોના ફોટા અને વીડિયો બનાવી તે વાયરલ કરવા બ્લેકમેલ કરી અવારનવાર દુષ્કર્મ ગુજારી અને લગ્ન કરવાનો ઇનકાર કરી દીધો હતો.પોલીસ ફરિયાદ નોંધ્યા બાદ ધરપકડની દેહશતથી જીત પાબારીએ અદાલતમાં આગોતરા જામીન અરજી કરી હતી. જો કે બંને પક્ષોની રજૂઆત બાદ મૂળ ફરિયાદીના વકીલ દ્વારા વાંધા રજૂ કરવામાં આવ્યા હતા. જ્યારે સરકાર પક્ષ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ સુપ્રિમ કોર્ટ તથા હાઇકોર્ટના વિવિધ ચુકાદાઓ રજુ કરવામાં આવેલ હતા. જેને ધ્યાને લઈ સેશન્સ અદાલતે જીત પાબારીના આગોતરા જામીન રદ કરવાનો હુકમ ફરમાવવામાં આવેલો હતો.

# ગુજરાતના મંદિરોમાંથી ચોરી કરતી પશ્ચિમ બંગાળની ગેંગનો પર્દાફાશ ! ૨ આરોપી ક્રાઈમ બ્રાંચના સકંજામાં

અમદાવાદ, તા. ૫ઃ ગુજરાતમાં દિવસે દિવસે મંદિરમાંથી ચોરી થતી હોવાની ઘટનાઓમાં વધારો થયો છે. મંદિરમાં ભગવાનના દર્શન કરવાના બહાને આવી રેકી કરી રાત્રે ચોરી કરતી ટોળકીને પકડવામાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચને સફળતા મળી છે.

ગુજરાતમાં દિવસે દિવસે મંદિરમાંથી ચોરી થતી હોવાની ઘટનાઓમાં વધારો થયો છે. મંદિરમાં ભગવાનના દર્શન કરવાના બહાને આવી રેકી કરી રાત્રે ચોરી કરતી ટોળકીને પકડવામાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી છે. અમદાવાદમાંથી આવી જ ચોર ટોળકીનો પર્દાફાશ થયો છે. ગુજરાતના મંદિરોમાં ચોરી કરતી પશ્ચિમ બંગાળની ગેંગના ૨ આરોપીની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે.

મોહંમદ આમીનૂર ઉર્ફે ભયંકર પઠાણ અને યાસીન કલામ શેખની મંદિર ચોરી કેસમા ધરપકડ કરવામાં આવી છે. આ બન્ને રીઢા મંદિર ચોર છે. જેમણે નવસારી જિલ્લાના બીલીમોરા જૈન મંદિરમાંથી ચાંદીની મૂર્તિ, પંચધાતુ મૂર્તિ અને રોકડ નાણાંની ચોરી કરી હતી.





આ ચોરી કેસમા ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે ઇસનપુર ચંડોળા તળાવ પાસે આરોપી છૂપાયા છે. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચે વોચ ગોઠવીને બન્ને ચોરને પકડી લીધા. તેમની પાસેથી પંચધાતુની મૂર્તિ, ચાંદીની મૂર્તિ ઓગાળી દીધી હોવાથી તેના ચોરસા કિંમત ૩.૬૫ લાખ, રોકડ નાણાં ૩.૨૧ લાખ, ઘરફોડ ચોરીમાં ઉપયોગ લેવાતા સાધનો સહિત ૭ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. ક્રાઈમ બ્રાન્ચે બન્ને આરોપીની ધરપકડ કરીને તપાસ હાથ ધરી છે.

ક્રાઈમ બ્રાંચની તપાસમાં સામે આવ્યું કે મોહંમદ આમીનૂર પઠાણ અને યાસીન શેખ બન્ને રીઢા ગુનેગાર છે. તેઓની વિરુદ્ધ અમદાવાદમાં અનેક ગુના નોંધાયા છે. આરોપીઓ ગુજરાતના જુદા જુદા મંદિરમાં ચોરી કરવાનો ટાર્ગેટ કરતા હતા. તેઓની મોડ્સ ઓપરેન્ડી વાત કર્યે તો મંદિરોમા ચોરી કરવા માટે પહેલાં મંદિરમાં દર્શન કરવાના બહાને ચારે તરફે ફરીને રેકી કરતા હતા અને ત્યાર બાદ રાત્રે ચોરીને અંજામ આપતા હતા.

આ પ્રકારે આરોપીઓ નવસારી આવેલા જૈન મંદિર, વાપીના જૈન મંદિર અને મકાનોમાં ચોરીને અંજામ આપ્યો હતો. આ ઉપરાંત નંદાસણ જૈન મંદિર, અમદાવાદના વૈષ્ણદેવી મંદિર, સોલા પાસે આવેલા બહુચર માતાજીનું મંદિર તેમજ વાપી કષ્ભંજનદેવ મંદિરમાં ચોરીના ઈરાદે રેકી કરી હોવાની તપાસમાં ખુલાસો થયો છે. હાલમાં ક્રાઈમ બ્રાન્ચે ૭ ગુનાનો ભેદ ઉકેલીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આરોપી મોહંમદ આમીનૂર વિરુદ્ધ અમદાવાદમાં ૧૦ ગુના નોંધાયા છે, જેમાં ૩ વખત પાસા અને આરોપી યાસીન શેખ વિરુદ્ધ ૬ ગુના નોંધાયા અને એક વાર તડીપાડ કર્યા હતા. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં આ ગેંગની સાથે અન્ય એક આરોપી અહેસામુદ્દીન ઉર્ફે કમાલ શેખ ચોરીના મુદ્દામાલ સાથે ફરાર થઈ ગયો હતો. જેની ક્રાઈમ બ્રાન્ચે કોલકતા પોલીસને બાતમી આપતા ખડકરપુર પોલીસે ચોરીનો ચાંદી મુદ્દામાલ સાથે ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચ આરોપી કસ્ટડી મેળવશે ત્યારે પકડાયેલ બે આરોપીને નવસારી પોલીસને સોંપવાની કાર્યવાહી કરાઇ રહી છે.

# બાંગ્લાદેશ પર ભારતની એર સ્ટ્રાઈકની માંગ

## ■ રાજકોટનાં બહુમાળી ભવનથી કલેક્ટર કચેરી સુધી હિન્દુ અસ્મિતા મંચની મૌન રેલી, સાધુ સમાજે યુનાઈટેડ નેશન્સ સામે નિશાન તાક્યું




રાજકોટ, તા. ૫ઃ બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચારના વિરોધમાં આજે રાજકોટના બહુમાળી ભવન ચોક ખાતે સાંજે વિશ્વ હિન્દુ પરિષદ તેમજ સાધુ સમાજનાં લોકો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા અને કલેક્ટર કચેરી સુધી પ્લે કાર્ડ દર્શાવી મૌન રેલી કાઢી હતી. જેમાં સાધુ સમાજનાં અને આર્ષ વિદ્યામંદિરના પરમાત્માનંદ સરસ્વતીએ યુનાઈટેડ નેશન્સને બાંગ્લાદેશમાં અત્યાચાર બંધ કરાવવા માંગ કરી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી યોગ્ય સમયે કાર્યવાહી કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. જ્યારે હિન્દુ અસ્મિતા મંચના મંગેશ દેસાઈએ બાંગ્લાદેશ પર ભારત એર સ્ટ્રાઈક કરે તેવી માગ ઉઠાવી હતી.

આર્ષ વિદ્યામંદિરના પરમાત્માનંદ સરસ્વતીએ જણાવ્યું હતું કે, બાંગ્લાદેશમાં તખતા પલટના દેખાવ સાથે શરૂ થયેલું આંદોલનમાં માત્ર રાજકીય નહીં પરંતુ ગર્ભિત ઉદ્દેશ હોય તેવું મને લાગી રહ્યું છે. એવી પણ શંકા છે કે વિદેશની સત્તાઓએ ભારતની પ્રગતિ ન સાખી શકતા હોય. ભારત ધર્મના ઘર્ષણોમાં વ્યસ્ત રહે તે માટે આ પ્રકારનો ખેલ પડાવવામાં આવ્યો હોય તેવું લાગી રહ્યું છે. જે માટેના થોડા દસ્તાવેજો પણ મળ્યા છે. જે તે શાસકોની રાજકીય મહત્વકાંક્ષાઓને લીધે બાંગ્લાદેશનો હિન્દી સમાજ અત્યંત આતંક, પીડા અને હત્યા સહન કરી રહયો છે જેની ગુજરાત સહિત ભારતનો સાધુ સમાજ નિંદા કરે છે.

વધુમાં તેમને જણાવ્યું હતું કે, અમે એ પણ આશા રાખીએ છીએ કે, આંતરરાષ્ટ્રીય સ્તરે માનવ અધિકારના નામે કકળાટ મચાવનારી સંસ્થાઓ અને યુનાઈટેડ નેશન્સ આ ઘટનાને ખરાબમાં ખરાબ રીતે વખોડે અને બાંગ્લાદેશમાં શાંતિ સ્થપાય તે માટેના પગલાં લે તેવી માંગણી છે. ડિપ્લોમેટીક રીતે સરકાર બધુ કરી રહી છે, પરંતુ ડિપ્લોમેટીક સ્તરે વાત કરવાની એક મર્યાદા હોય છે અમને વિશ્વાસ છે કે, નરેન્દ્રભાઈ મોદી યોગ્ય સમયે કાર્યવાહી કરશે. જ્યારે હિન્દુ અસ્મિતા મંચના મંગેશ દેસાઈએ જણાવ્યું હતુ કે, બાંગ્લાદેશમાં હિન્દુઓ પર જે અત્યાચાર થઈ રહ્યાં છે તેના વિરોધમાં આજે સાંજે અહીં રાજકોટના બહુમાળી ભવન ચોક ખાતેથી કલેક્ટર કચેરી સુધી વિશાળ મૌન રેલી નિકળી છે અને કલેક્ટરને આવેદન આપવામા આવ્યું છે. બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચાર તાત્કાલિક અસરથી બંધ કરવામા આવે. જેથી જે રીતે ઇઝરાયેલે ગાઝા પટ્ટી પર એર સ્ટ્રાઈક કરી છે તે રીતે બાંગ્લાદેશ પર ભારતે એર સ્ટ્રાઈક કરવી જોઈએ.

## એક મહિનામાં એકપણ પ્લાન મંજૂર નહીં, બિલ્ડિંગોની પરવાનગી ન મળવાને કારણે રાજકોટનો વિકાસ અટકી પડ્યો છે, બિલ્ડર્સોમાં જોવા મળી રહ્યો છે રોષ

# TRP ગેમઝોન અગ્નિકાંડ બાદ રાજકોટમાં રિયલ એસ્ટેટ માર્કેટને ગ્રહણ !




### ■ પ્લાન પાસ ન થતાં હોવાની રાવ સાથે બિલ્ડરોના ગાંધીનગર ધામા

રાજકોટ, તા. ૫ઃ ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ બાદ રાજકોટમાં બિલ્ડીંગ પ્લાન મંજૂરીમાં મોટો ઘટાડો થયો છે. ટીપી શાખાના નવા નિયમો અને વહીવટી અડચણોને કારણે વિકાસ કામો અટકી પડ્યા છે. બિલ્ડરો સરકારમાં રજૂઆત કરી રહ્યા છે, ૨૦ કરોડથી વધુનું આર્થિક નુકસાન થઈ રહ્યું છે. સરકાર તાત્કાલિક ઉકેલ શોધવા પ્રયાસ કરી રહી છે.

ઝછ્છ ગેમઝોન અગ્નિકાંડ થયાં બાદ રાજકોટના વિકાસને ગ્રહણ લાગી ગયું છે.શહેરમાં ટીપી શાખાના નિયમોની એવી આંટીઘૂંટી છે કે બિલ્ડીંગ પ્લાન મંજૂર થઈ રહ્યા નથી. બિલ્ડરોએ આ અંગે સરકારમાં નગારે ઘા કર્યો છે. નવાઈની વાત તો એ છે કે પ્લાન મંજૂર ન થવાને કારણે રાજકોટનો વિકાસ રૂંધાઈ રહ્યો છે. ટીઆરપી ગેમ ઝોન અગ્નિંકાડ થયાં બાદ રાજકોટના વિકાસને જાણે ગ્રહણ લાગી ગયું હોય તેવો ઘાટ ઘડાયો છે. સૌરાષ્ટ્રના આર્થિક પાટનગર એવા રાજકોટ શહેરમાં રિયલ એસ્ટેટની વિકાસ યાત્રા થંભી ગઈ છે.રાજકોટ શહેરમાં છેલ્લા એક મહિનામાં એકપણ પ્લાન મંજૂર થયો નથી. એક માહિતી પ્રમાણે છેલ્લા ૬ મહિનામાં કુલ ૧૦ જેટલી હાઈરાઈઝ બિલ્ડિંગોએ પરવાનગી માંગી હતી, જેમાંથી માત્ર એક જ બિલ્ડિંગનો પ્લાન મંજૂર થયો છે, જ્યારે એક જ બિલ્ડીંગને બીયુ પરમીશન આપવામાં આવી છે. બિલ્ડિંગોની પરવાનગી ન મળવાને કારણે રાજકોટનો વિકાસ અટકી પડ્યો છે. આ મુદ્દે બિલ્ડરો આક્રમક મૂડમાં છે. રાજકોટ બિલ્ડીંગ એસોસિએશન દ્વારા આ મુદ્દે ગાંધીનગરમાં શહેરી વિકાસ સચિવને રજૂઆત કરી હતી અને રાજકોટમાં વહિવટી વિસંગતતાઓ દૂર કરવાની માંગ કરી હતી. કોંગ્રેસના નેતા મહેશ રાજપૂતે સરકાર પાસે તાત્કાલિક આ કામગીરી શરૂ કરવાની માંગ કરી હતી.મહેશ રાજપૂતે કહ્યું હતું કે બીયુ પરમીશનના અભાવને કારણે ઘણા લોકોના ઘરના ઘરનું સ્વપ્ન પૂર્ણ થઈ રહ્યું નથી.બીયુ પરમીશન ન આવવાથી દસ્તાવેજો થતાં નથી અને તેના કારણે સામાન્ય માણસ અને બિલ્ડરો બંન્ને હાલાકી ભોગવી રહ્યા છે.



# BZ ગ્રૂપનો ૬૦૦૦ કરોડનો મુખ્ય કૌભાંડી ભુપેન્દ્રસિંહ ઝાલા વિદેશમાં કે ભુગર્ભમાં?

- **ભૂપેન્દ્ર ઝાલાના નામે ૧૮થી વધુ કોલેજ : કોલેજ સિવાય પણ અનેક મિલકતોના માલિક, પોતાને સેવાભાવી આગેવાન ગણાવી રજૂઆત કરી**
- **સ્કીમમાં પોલીસ કર્મીઓ, ડોક્ટરો તેમજ અનેક રાજકીય માથાના રૂપિયાનું પણ રોકાણ હોવાની ચર્ચાઓઃ સ્થાનિક રાજકીય નેતાઓનો અંગત વ્યક્તિ હોવાની પણ ચર્ચા**




અમદાવાદ, તા. ૫ઃ BZ ગ્રૂપના ૬૦૦૦ કરોડ રૂપિયાના કૌભાંડમાં CID ક્રાઈમે ભુપેન્દ્રસિંહ ઝાલા અને તેના મળતીયાઓ સામે ૨૭ નવેમ્બર ના રોજ ફરિયાદ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી છે. જેથી કરીને તે પોલીસ ધરપકડથી બચી શકે. આ અરજીમાં ભુપેન્દ્રસિંહ ઝાલા દ્વારા જણાવવામાં આવ્યું છે કે તેના નામે ૧૮ થી વધુ કોલેજ ચાલી રહી છે. કોલેજ સિવાય પણ અનેક મિલકતોનો માલિક છે. પોતાને સેવાભાવી આગેવાન ગણાવી રજૂઆત કરતા કહ્યું છે કે, પોલીસે માત્રને માત્ર બદદાનત રાખીને તેની સામે ફરિયાદ દાખલ કરી છે. આ મામલે શુક્રવારે વધુ સુનાવણી હાથ ધરાશે. દાખલ કરી છે. ત્યારથી મુખ્ય સૂત્રધાર ભુપેન્દ્રસિંહ ઝાલા પોલીસ પકડથી દૂર છે.

પોલીસ કાયદાનો દુરુપયોગ કરતી હોવાનો પણ ભૂપેન્દ્ર ઝાલાએ તેની આગોતરા જામીન અરજીમાં દાવો કર્યો છે. નનામી અરજીના આધારે પોલીસે કાર્યવાહી કરે તે કાયદાથી વિપરીત હોવાનો પણ દાવો ભુપેન્દ્રસિંહ ઝાલા દ્વારા કરાયો છે. તેની બિનજરૂરી હેરાનગતિ અને છબી ખરડવવા માટે ફરિયાદ નોંધાઈ હોવાનો વાત તેને અરજીમાં કરી છે. કોઈપણ કરિયાદી કે ભોગ બનનાર સામે આવ્યું જ નથી તો શેની કરિયાદ નોંધવામાં આવી છે ? રોકાણકારોએ પૈસા આપ્યા હોય અને તેનો દુરુપયોગ થયો હોય એવો પણ બનાવ સામે આવ્યો નથી. ભુપેન્દ્રસિંહ ઝાલાની આ આગોતરા જામીન અરજી ઉપર ૦૬ ડિસેમ્બરના રોજ એટલે કે શુક્રવારે સુનવણી હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે, CID કાઈમે આ ફરિયાદ અંતર્ગત ૦૭ આરોપીની ધરપકડ કરી હતી. ત્યારબાદ તમામ આરોપીઓને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. તે તમામ અત્યારે જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. નોંધનીય છે કે ઇણ ગ્રૂપ દ્વારા ૧૮ ટકા વ્યાજ સહિતની લાલચ આપી લોકો પાસેથી ૯૦૦૦ કરોડ રૂપિયા ઉઘરાવ્યા છે. આ આરોપીઓ પૈકી મયુર દરજીએ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં જામીન અરજી દાખલ કરી છે. જેની ઉપર આગામી સમયમાં સુનવણી હાથ ધરાશે. અગાઉ લોકોને ઊંચા વ્યાજની લાલચ આપી ૬૦૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ આચરવાના કેસમાં CID ક્રાઈમે મયૂર દરજી, વિશાલસિંહ ઝાલા, દિલીપ સોલંકી, આશીક ભરથરી, સંજય પરમાર, રાહુલ રાઠોડ અને રણવીરસિંહ ચૌહાણની ધરપકડ કરી કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કર્યા હતા. એવી ચર્ચા ચાલી રહી હતી કે ભુપેન્દ્રસિંહ ઝાલા વિદેશ ભાગી ગયેલ છે, ત્યારે હવે આગોતરા જામીન અરજી ઉપર સરકાર પક્ષની દલીલ રસપ્રદ રહેશે. સીઆઈડી ક્રાઈમના એડિશનલ ડીજીપી રાજકુમાર પાંડિયને જણાવ્યું હતું કે, લગભગ બે મહિના પહેલાં CID કાઈમને માહિતી મળી હતી કે, હિંમતનગર, અરવલ્લી, મહેસાણા, ગાંધીનગર અને વડોદરા જિલ્લામાં કોઈ એક સંસ્થા દ્વારા પોન્ઝી સ્કિમ ચલાવવામાં આવી રહી છે. તો અમારી સર્વેલન્સ તપાસમાં જાણવા મળ્યું કે, લોકોને છેતરીને પૈસા એકઠાં કરી રહ્યા હતા. તે બાદ અમે મંગળવારે (૨૬ નવેમ્બરે) પાંચ જિલ્લામાં રેડ પાડી હતી. જેમાં BZ ગ્રૂપની ઓફિસોમાંથી પોન્ઝી સ્કિમના ડોક્યુમેન્ટસ તેમજ ત્યાં કામ કરતા માણસો મળ્યા હતા. તેમજ સ્થળ પરથી એજન્ટ આનંદ દરજી મળ્યો હતો . જેની પૂછપરછમાં જાણવા મળ્યું કે ૨૦૨૦-૨૧થી પોન્ઝી સ્કિમ ચલાવવામાં આવી રહી હતી. તેના મુખ્ય સૂત્રધાર ભૂપેન્દ્રસિંહ પરબતસિંહ ઝાલા અને તેની મુખ્ય ઓફિસ રણાસણ, તા.તલોદ સામે આવી હતી. પોતાના જુદી જુદી બેંકમાં ૯ બેંક એકાઉન્ટ છે. જયારે પિતા પરબતસિંહના નામે ૩ બેંક ખાતાં છે. પરંતુ માતાના નામે એક પણ બેંક એકાઉન્ટ નથી. ત્યાં સુધી કે ભૂપેન્દ્રએ પોતાના નામે શેરબજાર કે મ્યુચ્યુઅલ ફંડમાં પણ રોકાણ નથી કર્યું તેમ સોગંદનામામાં દર્શાવ્યું હતું. જિ.સાબરકાંઠામાં આવેલ છે તેમજ દરેક જિલ્લામાં તેની ઓફિસ આવેલી છે. તેમના મુખ્ય ટાર્ગેટ શિક્ષકો અને નિવૃત સરકારી કર્મચારીઓ હતા. આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાએ ૨૦૨૪ લોકસભા પોતાની પાસે એક અર્ટિગા કાર અને પિતાના નામે સ્કોર્પિયો કાર હોવાનું જણાવ્યું હતું. આરોપીએ પોતાની પાસે માત્ર ૪૭ ગ્રામ, પિતા પાસે ૪૦ ગ્રામ અને માતા પાસે ૨૫ ગ્રામ જ સોનુંહોવાનું જણાવ્યું ચૂંટણી સમયે જે એફિડેવિટ રજૂ કર્યું હતું તેમાં મિલ્કતની વિગતો હતું. જોકે ભૂપેન્દ્રસિંહે વર્ષ ૨૦૨૧થી ૨૦૨૩ સુધીમાં ૧૦ એકર જેટલી જમીન હિંમતનગર અને મોડાસાના મહાદેવપુરા, ગામડી, અડપોદરા, સજાપુર અને સાકરિયા ગામે ખરીદી હોવાનું જણાવ્યું છે. મળતી માહિતી મુજબ, ભૂપેન્દ્ર ઝાલાની સ્કીમમાં કેટલાક પોલીસ કર્મચારી તથા ડોક્ટરના રૂપિયા પણ રોકાયેલા છે. આ ઉપરાંત ભૂપેન્દ્રસિંહ ઝાલા સ્થાનિક રાજકીય નેતાઓનો અંગત વ્યકિત એટલે પણ હતો કેમ કે અનેક રાજકીય માથાના રૂપિયા પણ ઝાલાની સ્કીમમાં ઇન્વેસ્ટ થયેલા હોવાની માહિતી મળી રહી છે. રાજકીય સ્તર પર જિલ્લાના મોટા નેતાઓના રૂપિયા રોકાયા હોવાનું કહેવામાં આવી રહ્યું છે. તેમજ હિંમતનગર તથા આસપાસના નાના ગામના લોકોએ પણ આ સ્કીમમાં નાણાં રોકયાં હોવાની માહિતી મળી. ભૂપેન્દ્ર ઝાલાની સાથે એના પાર્ટનર પણ જોડાયેલા છે જે પણ ફંડિંગનું એડજસ્ટમેન્ટ કરતા હતા. મોટાભાગનું મેનેજમેન્ટ યુ.એસ.ડી.ટી. તથા ક્રિપ્ટોમાં ફંડ ટ્રાન્સફર કરતા હતા. ભૂપેન્દ્ર ઝાલા તથા તેના પાર્ટનર્સની દુબઈમાં શિફ્ટ થવાની ગણતરી એટલે પણ હતી કેમ કે દુબઈમાં આ કામગીરી ગેરકાયદે કહેવાતી નથી.

# રાજકોટ સિટી બસના ડ્રાઈવરને ચાલુ બસે હાર્ટ એટેક આવ્યોઃ સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ રિક્ષા અને બે વાહનો સાથે અથડાઈ; બેનાં મોત

રાજકોટ, તા. ૫ઃ રાજકોટના રેલનગર વિસ્તારમાં સિટીબસના ચાલકને ચાલુ બસ દરમિયાન હાર્ટ એટેક આવતા એક રિક્ષા અને બેથી ત્રણ વાહનો સાથે અકસ્માત સર્જાયો હતો. જેમાં બસચાલકનું હાર્ટ એટેક આવવાથી જ્યારે એક મહિલાનું અકસ્માત થવાના કારણે મોત નીપજ્યું છે. હાલ પ્રદ્યુમનનગર પોલીસે મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. જયારે આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત બેથી ત્રણ લોકોને સિવિલ તેમજ ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.



**વૃદ્ધને હાર્ટ એટેક આવતા બસ બેકાબૂ બની**

રાજકોટ શહેરના રેલનગર મેઈન રોડ પર હમીરસિંહજી ચોકથી આસ્થા ચોક વચ્ચે સિટીબસ નંબર ૪૦ રેલનગરથી બસ ડેપો તરફ જઈ રહી હતી દરમિયાન બસના ચાલક પરષોત્તમભાઈ બારૈયા નામના વૃદ્ધને હાર્ટ એટેક આવતા બસ બેકાબૂ બની હતી અને એક રિક્ષા તેમજ બેથી ત્રણ વાહન સાથે અથડાઈ હતી. દરમિયાન ત્રણથી ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા અને તે પૈકી એક મહિલા સંગીતાબેન ગંગારામ માકડીયાનું મોત નીપજ્યું હતું. જ્યારે મંડોડ મુકેશ અને મનીષાબેન વર્માને ઈજા પહોંચતા સિવિલ તેમજ ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

**અકસ્માતમાં એક મહિલાનું મોત, બે ઈજાગ્રસ્ત**


રાજકોટ સિટી બસ રૂટ નંબર ૪૦ કે જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીથી સંતોષીનગર વાયા પોપટપરાથી ત્રિકોણબાગ રૂટ પર ચાલી રહી છે. બસના કંડકટર રમેશભાઈ બોળાએ જણાવ્યું હતું કે, આજે સાંજના સમયે બસ રેલનગર રોડ પર શિવાલય ચોકથી ડેપો સ્ટેશન ખાતે જઈ રહી હતી. બસમાં ચારથી પાંચ મુસાફર સવાર હતા. અચાનક બસના ચાલક પરષોત્તમભાઈ બારૈયાને એટેક આવતા તેઓ ઢળી ગયા હતા. બસમાં બ્રેક મારવાની કોશિશ કરી હતી. જો કે આ પહેલા અકસ્માત સર્જાઈ ગયો હતો. બસમાં કોઈ નુકસાન થવા પામ્યું નથી.

**પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી**

હાલ પ્રદ્યુમનનગર પોલીસ દ્વારા સીટી બસ નંબર GJ-03-BZ-4043ને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી છે અને બસચાલક તેમજ અકસ્માતમાં મૃત્યુ પામેલ અન્ય એક મહિલાના મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કર્યવાહી હાથ ધરી છે. ઉલેખનીય છે કે, અકસ્માતમાં GJ-01-DV-6965 નંબરની રિક્ષા તેમજ GJ-03-FN-5669 નંબરના મોપેડ વાહનને નુકસાન પહોંચ્યું હોવાનું સામે આવ્યું છે.

# મનપાની વેરા વસુલાત શાખા દ્વારા વધુ ૯ મિલકતો સીલ કરાઈ, ૮ને જપ્તીની નોટિસ

રાજકોટ, તા. ૫ઃ રાજકોટ મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા બાકી વેરાની રિકવરી માટે સઘન ઝુંબેશ ચાલી રહી છે. ગઈકાલે ૨૪ મિલ્કતોને સિલ કર્યા બાદ આજે પણ, વેરા શાખાએ શહેરનાં વિવિધ વિસ્તારોમાં ૯ મિલકતોને સિલ મારી દીધા હતા. આ ઉપરાંત ૧ નળ જોડાણ કટ કરી ૮ બાકીદારોને ટાંચ જપ્તીની નોટીસો ફટકારી હતી. જેમાં અયોધ્યા ચોકમાં ધવન વર્લ્ડ નજીક, એકસીસ બેંક ફર્સ્ટ ફ્લોર પર આવેલ શોપ નં. બી-૧૦૯, તથા મોરબી રોડ ઉપર હર્ષ આર્કેડમાં ઈવોલ્યુશન એકેડેમી શોપ નં. ૨૦૧, યાજ્ઞિક રોડ ઉપર આવેલ ટોપાઝ આર્કેડમાં થર્ડ ફ્લોર ઉપર શોપ નં.૨, અને પંચનાથ રોડ ઉપર આવેલ સર્વોતમ એપાર્ટમેન્ટ, થર્ડ ફ્લોરની શોપ નં. ૪૦૨, તથા માલવિયા ચોકમાં આવેલ પ્રમુખ સ્વામી આર્કેડમાં સેકન્ડ ફ્લોરની શોપ નં. ૧ અને પંચનાથ પ્લોટ



શેરી નં. ૧૫માં એકયુનિટ તથા નિલવ સવસરાય સોસાયટી શેરી નં. ૪માં એક યુનિટને તદઉપરાંત નહેરૂનગરનાં સરધારનગર-૨માં એક યુનિટ તેમજ કોઠારીયા સ્વાતી પાર્ક રોડ ઉપર શેડ નં. ૧૫માં વરૂણ ઈન્ડસ્ટ્રીઝને બાકી વેરા સબબ સિલ મારી દેવાયા હતા. જ્યારે રણછોડનગર શેરી નં. ૯માં એક મિલ્કતનું નળ જોડાણ કટ કરી દેવાયું હતું. તેમજ અન્ય ૮ મિલકતધારકોને જપ્તીની નોટિસ આપવામાં આવી હતી.

**રૂડા દ્વારા મુંજકા પાસેનાં ૮૪ આવાસો રદ્દ કરાયા**

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ઈડબલ્યુએસ-ટુ પ્રકારના ટીપી ૧૭ એફપી ૭૯, આદિત્ય-૭૯ હા. કો.ઓ.સર્વિસ સોસાયટી, ફિલ્ડ માર્શલની વાડી પાસે કાલાવડ રોડ, મુંજકા રાજકોટમાં ૮૪ આવાસો આવાસ ધારકોને ફાળવેલ છે. જેમના દ્વારા રૂડાના આવાસનો દસ્તાવેજ કે ભાડા કરાર આજદિન સુધી કરવામાં આવ્યો નથી. આ બાબતે લાભાર્થીઓને રૂડા કચેરીથી વારંવાર નોટીસ આપવામાં આવી છે. પરંતુ આજદિન સુધી આવાસ ધારકોએ દસ્તાવેજ કે ભાડાકરાર કરાવ્યા નથી. આથી આ બાબતે બોર્ડ બેઠકમાં ઠરાવ્યા મુજબ આવાસ ધારકોનાં ૮૪ આવાસો રદ કરવામાં આવ્યા હતા.

# સંજય પાદરિયાથી પોલીસ રક્ષણ આપવા જયંતિ સરધારાએ માગ કરી

■ **PIએ કાઉન્ટર બ્લાસ્ટ સ્વરૂપે મારા ઉપર દબાણ લાવવા ફરિયાદ કરી છે; સંજય પાદરિયાથી મારી જાનને જોખમ છે**

રાજકોટ, તા. ૫: રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગઈકાલે સરદારધામના ઉપપ્રમુખ જયંતિ સરધારા સામે પોલીસ ફરિયાદ દાખલ થતા આજરોજ જયંતિ સરધારાએ પોલીસ કમિશનર કચેરી ખાતે આવી પોલીસ રક્ષણ આપવા માટે માગ કરી છે. તેમના વિરુદ્ધ ખોટી ફરિયાદ PI સંજય પાદરિયા દ્વારા કરવામાં આવી હોવાનો દાવો કર્યો છે અને સંજય પાદરિયાએ માથામાં હથિયાર માર્યું જ હતું કહી પોલીસે હત્યાની કોશિશની રદ કરેલી કલમ સામે પણ શંકા ઉભી કરી છે. પોલીસ તંત્ર અને ન્યાય તંત્ર ઉપર ભરોસો છે માટે હું પોલીસ પાસે રક્ષણ માગવા માટે પોલીસ કમિશનર પાસે લેખિત અરજી કરી મારી રજૂઆત કરવા આવ્યો છું. મને પોલીસ રક્ષણ તાત્કાલિક આપવામાં આવે તેવી મારી માગ છે.

સરદારધામના ઉપપ્રમુખ જયંતિ સરધારાએ આજરોજ પોલીસ કમિશનર સમક્ષ કરેલી અરજીમાં જણાવ્યું હતું કે, ગત તા.૨૫/૧૧/૨૦૨૪ના રોજ હું એક લગ્ન પ્રસંગે શ્યામ પાર્ટી પ્લોટ, મવડી કણકોટ રોડ, રાજકોટ ખાતે ગયેલો ત્યારે રાત્રિના આશરે ૮.૩૦ વાગ્યે જુનાગઢ એસ.આર.પી. રીજીયનના પોલીસ ઈન્સ્પેક્ટર સંજય પાદરિયા મારી પાસે આવેલા અને પોતાની ઓળખાણ આપી અને પોતે નરેશ પટેલની સક્રિય ટીમમાં હોવાનું જણાવેલ હતું. 'તું સમાજનો ગદ્દાર છો' કહી મને મારવાની



કોશિશ કરી હતી. ત્યાં હાજર લોકોએ વચ્ચે પડી મામલો શાંત પાડેલો, પરંતુ આ સંજય પાદરિયાએ મને જીવતો પાછો ન જવા દેવાની ધમકી પણ આપી અને ત્યાંથી દૂર જતો રહ્યો હતો.

ત્યારબાદ, આ લગ્ન-પ્રસંગ પતાવીને મારી કાર લઈને ઘરે જવા નીકળતા સમયે ત્યાં જ આ સંજય પાદરિયાએ મને આંતરી મારી ગાડી સામે આવી ઊભો રહી ગયેલો અને હું ગાડીમાંથી ઉતરતા તેણે તુરંત જ તેની પાસે રહેલી બંધુક વડે મને માથામાં ઈજા કરતાં હું તે જ જગ્યાએ નીચે પડી ગયો અને આ સમયે તેણે મને ઢીકાપાટુનો માર મારી અને ગાળાગાળી કરી હતી. આ સમય દરમિયાન ત્યાં અન્ય લોકો આવી ગયેલા અને અમને છોડાવ્યો હતો અને હું જેમ તેમ કરી ગાડીમાં લોહીલુહાણ હાલતમાં ગીરીરાજ હોસ્પિટલ ખાતે પહોંચેલો અને સારવાર લીધી હતી.

સમગ્ર ઘટના અંગે મેં પોલીસ રૂબરુ ફરિયાદ આપેલી જેના આધારે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા આરોપી સંજય પાદરિયા સામે બી.એન.એસ. કલમ ૧૦૯(૧), ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩) તેમજ ગુજરાત પોલીસ એક્ટ કલમ ૧૩૫(૧) એફ.આઈ.આર. દાખલ કરી હતી. જેની સામે સંજય પાદરિયાએ કાઉન્ટર બ્લાસ્ટ સ્વરૂપે મારા ઉપર ખોટી રીતે દબાણ લાવવાના એકમાત્ર હેતુથી રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન રૂબરૂ મારી વિરુદ્ધ ગત તા. ૨૫/૧૧/૨૦૨૪ના રોજના બનાવ અંગે આશરે ૯ દિવસ બાદ બી.એન.એસ. કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) મુજબની ખોટી ફરિયાદ દાખલ કરાવી હતી. પોતે પોલીસ અધિકારી હોવાનો ખોટી રીતે ફાયદો ઉઠાવી અને પોતાની વગનો દુરુપયોગ કરી રહેલો હોવાનું સ્પષ્ટ થાય છે.

મને મારા વર્તુળમાંથી જાણવા મળેલું છે કે, આ સંજય પાદરિયા મને જાનથી મારી નાખવાની પૂરેપૂરી તૈયારી કરી લીધી છે અને કોઈપણ સંજોગોમાં જીવતા નહિ જ રહેવા દે તેવું અતિશય આત્મવિશ્વાસ સાથે લોકોને કહી રહી છે. ભૂતકાળમાં આ સંજય પાદરિયાએ જાતે અને તેના મળતિયાઓ દ્વારા સમાજના અન્ય આગેવાનો ઉપર પણ ખોટી રીતે આ જ પ્રમાણે દબાણ લાવી લોકોને હેરાન પરેશાન કર્યા છે અને સમાજના લોકોને ખોટી રીતે બદનામ કરી સામાજીક પ્રવૃતિમાંથી ખોટી રીતે નિવૃત કરી મૂકવા સતત પ્રયત્નશીલ રહેલા છે. ત્યારે આ માથાભારે સંજય પાદરિયાથી મારા જીવને પૂરેપૂરું જોખમ છે અને અમો દહેશતમાં જીવી રહેલ છિએ જેથી અમોને તાત્કાલિક પોલીસ રક્ષણની જરૂરિયાત ઉપસ્થિત થઇ છે જેથી અમને તાત્કાલિક પોલીસ રક્ષણ આપવા માગ છે.

# રાજકોટનાં હેવન હિલ્સ સહિતની સોસાયટીઓ પાસે રેન બસેરા પ્રોજેક્ટ શરૂ કરતા તેનો વિરોધ

■ **રાજકોટનાં હેવન હિલ્સ સહિતની સોસાયટીઓની રજૂઆતને પગલે નિર્ણય, સ્ટેન્ડિંગ ચરમેને કહ્યું- સરકાર પાસે અભિપ્રાય લઈ કાર્યવાહી કરાશે**

રાજકોટ, તા. ૫: રાજકોટનાં વિવિધ પોષ વિસ્તારોમાં આવાસ યોજના તેમજ રેનબસેરા સ્થાનિકોની મંજૂરી વિના જ આકાર લેતા હોય છે. જેમાં મવડી વિસ્તારનાં જીવરાજ પાર્કમાં અનેક સોસાયટીની વચ્ચે આવેલા કોમન પ્લોટ ઉપર રેન બસેરાનો પ્રોજેક્ટ બનાવવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી હતી. જોકે સ્થાનિકોએ તેનો વિરુદ્ધ કરી સ્ટેન્ડીંગ ચેરમેન જયમીનભાઇ ઠાકરને રજુઆત કરી હતી. જેને લઈને તેઓએ હાલ પુરતું કામ સ્થગિત કરાવી સરકાર પાસે અભિપ્રાય લઈને આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવો નિર્ણય કર્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટનાં વોર્ડ નં.૧૧માં જીવરાજ પાર્ક વિસ્તારમાં મવડી પોલીસ લાઇનની બાજુમાં આવેલ સીટી ક્લાસીક થતા કોપર સેન્ડ કો.ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી તથા હેવન હિલ્સ તેમજ અમી રીસેડન્સી તથા વ્રજ અક્ષર રેસીડેન્સી અને આજુબાજુની અલગ અલગ સોસાયટીઓના રહેવાસીએ ગઈકાલે સ્ટેન્ડિંગનાં ચેરમેન જયમીન ઠાકરને રજૂઆત કરી હતી.

સ્થાનિકોએ જણાવ્યું હતું કે, કોર્પોરેશન દ્વારા આ પ્લોટ સરકારને સોંપાયો છે. જેમાં હાલ શ્રમ રોજગાર વિભાગ ગાંધીનગર દ્વારા શ્રમિક લોકો માટે રહેણાંક બનાવવાનો એટલે કે, રેન બસેરા-શ્રમ બસેરા બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ પ્લોટની આજુબાજુમાં જ રેસીડેન્સી સોસાયટીઓ તથા હાઇરાઇઝ બિલ્ડિંગો આવેલા છે. રેનબસેરા તમામ સોસાયટીઓની મધ્યમાં હોવાથી અહીં રહેતા લોકોને કાયમી ન્યુસન્સનો સમાનો કરવો પડશે.

ઉલેખનીય છે કે, મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૧માં જીવરાજ પાર્ક વિસ્તારમાં રેન બસેરા પ્રોજેક્ટ શરૂ કરતા તેનો વિરુદ્ધ થયો છે અને સ્ટ.ચેરમેન દ્વારા હાલ આ પ્રોજેક્ટ સ્થગિત કરવામાં આવ્યો છે. ત્યારે હાલ મવડી તથા અન્ય વિસ્તારોમાં મંજુર થયેલ જુદી-જુદી ટીપી સ્કીમોમાં મળેલા અલગ-અલગ હેતુના પ્લોટ પર રેન બસેરા અથવા આવાસ યોજના સહિતના પ્રોજેક્ટો ભવિષ્યમાં બનાવવાના થશે. ત્યારે આ વિરોધ જોતા આગામી વર્ષોમાં મનપાના આ પ્રકારના પ્રોજેક્ટનું શુ કરશે ? તે જોવું મહત્વનું બની રહેશે.

# ગાંધીનગર ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ રાજ્યકક્ષાની ઉજવણી

## ૮ પ્રોફેસરો દ્વારા દિવ્યાંગજનોના અધિકાર વિષય પર પેનલ ચર્ચા યોજાઈ દિવ્યાંગજનો માટેની સ્વાવલંબન પુસ્તિકાનું કરાયું વિમોચનમંત્રી ભાનુબેન બાબરિયા, રાજ્ય મંત્રી ભીખુસિંહ પરમાર સહિતના મહાનુભાવોની હાજરી

### કાર્યક્રમમાં ૧૫ દિવ્યાંગજનોને ઉપયોગી સાધનોનું વિતરણ કરાયું





રાજકોટ, તા.૬

ગાંધીનગર ખાતે આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં કરવામાં આવી હતી. આ તકે ઉજવણીમાં સહભાગી થતાં મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, દિવ્યાંગ નાગરિકોના ગૌરવ, અધિકારો અને સુખાકારી માટે સમાજનું સમર્થન મળે તે હેતુથી આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

દિવ્યાંગો સન્માનભેર જીવન જીવી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા ઉત્તરોત્તર નવી યોજનાઓ લાવી તેમને વધુ સશક્ત બનાવવામાં આવે છે. દિવ્યાંગોનું આત્મગૌરવ વધારવા માટે આપણી આસપાસના દિવ્યાંગોની શક્તિની કદર-સન્માન કરી, જરૂર પડે ત્યાં તેમને હૂંફ ભર્યું વાતાવરણ આપી પ્રોત્સાહન આપવાના સેવા કાર્યમાં જોડાઈ શકીએ છીએ.

દિવ્યાંગજનોને ઉપયોગી થવાનું શ્રેષ્ઠ સેવા કાર્ય માત્ર એક દિવસ નહીં પરંતુ હંમેશા ચલાવવું પડશે તેમ મંત્રીએ ઉમેર્યું હતું. સમાજ સુરક્ષા પ્રભાગની ભૂમિકા રજૂ કરતાં સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્ય મંત્રી ભીખુસિંહ પરમારે જણાવ્યું હતું કે, દિવ્યાંગ વ્યક્તિઓના વિકાસ, શિક્ષણ અને તાલીમ પાછળ સમાજ સુરક્ષા પ્રભાગ દર વર્ષે અંદાજિત રૂ.૨૪૦ કરોડ જેટલી માતબર રકમ ખર્ચે છે. આ સાથે પ્રાથમિક કક્ષાએથી લઈને ઉચ્ચ અને સર્વોચ્ચ કક્ષાનાં શિક્ષણ માટે દિવ્યાંગ વ્યક્તિઓને શિષ્યવૃત્તિ પણ આપવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ નિમિત્તે મંત્રીઓના હસ્તે ૧૫ જેટલા દિવ્યાંગજનોને ઉપયોગી વિવિધ સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં હેયરીંગ એઇડ, ટી.એલ.એમ કીટ, બ્રેઈલ કીટ, ફોલ્ડિંગ વ્હીલચેર, મોટરાઈઝડ ટ્રાઈસિકલ જેવા રોજિંદા જીવનમાં ઉપયોગી થતા સાધનો આપવામાં આવ્યા હતા. મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓએ નૃત્ય, ગાયન જેવા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરી બધાને અભિભૂત કર્યા હતા. તમામ દિવ્યાંગ કલાકારોની ઉત્તમ પ્રસ્તુતિ માટે મંત્રીશ્રીઓ સહિત તમામ મહાનુભાવોએ બિરદાવ્યા હતા.

આ પ્રસંગે સમાજ સુરક્ષા પ્રભાગના નિયામક વિક્રમસિંહ જાદવે સ્વાગત પ્રવચન તથા નાયબ નિયામક એચ.એન. વાળાએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરવા ૮ જેટલા પ્રોફેસરો દ્વારા દિવ્યાંગજનોના અધિકાર વિષય ઉપર પેનલ ચર્ચા યોજાઈ હતી. આ ઉપરાંત દિવ્યાંગજનો માટેના સ્વાવલંબન પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર મીરાબેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શિલ્પાબેન પટેલ, ધારાસભ્ય રીટાબેન પટેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓ, રક્ષાશક્તિ યુનિવર્સિટી અને ગાંધીનગર લો યુનિવર્સિટીના પ્રોફેસર્સ, અદાણી ગ્રુપના ડાયરેક્ટર જીત અદાણી, સહિત મોટી સંખ્યામાં દિવ્યાંગજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રેલ્વે ડિવિઝને એપ્રિલથી નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન સઘન ટિકિટ ચેકિંગ ઝુંબેશ




રાજકોટ,તા.૬

મુસાફરોને આરામદાયક મુસાફરી અને વધુ સારી સેવાઓ સુનિશ્ચિત કરવા માટે રાજકોટ રેલવે ડિવિઝન માં મેલ/એક્સપ્રેસ, હોલિડે સ્પેશિયલ તેમજ લોકલ ટ્રેનોમાં ટિકિટ વિનાના/અનિયમિત મુસાફરોને રોકવા માટે સતત સઘન ટિકિટ ચેકિંગ ડ્રાઇવ ચલાવવામાં આવી રહી છે. રાજકોટ ડિવિઝનના વાણિજ્ય વિભાગ ના વરિષ્ઠ અધિકારીઓની દેખરેખ હેઠળ અત્યંત અનુભવી ટિકિટ ચેકિંગ ટીમ દ્વારા એપ્રિલથી નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન અનેક ટિકિટ ચેકિંગ ડ્રાઈવો હાથ ધરવામાં આવી હતી, જેમાં રૂ. ૪.૪૦ કરોડ મળ્યા હતા.

નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન ટિકિટ વિનાના, લગેજ બુક ન કરાવ્યો હોય તેવા અને ઉચ્ચ વર્ગમાં યાત્રા કરતાં હોય એવા અનાધિકૃત/અનિયમિત મુસાફરી ના ૬૩૭૭ મામલા શોધીને થી રૂ. ૪૧.૨૨ લાખની રકમ વસૂલ કરવામાં આવી હતી. ગેરકાયદેસર મુસાફરોને રોકવા માટે નિયમિત સરપ્રાઈઝ ટિકિટ ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવે છે. આ ડ્રાઈવોના પરિણામે, એપ્રિલથી નવેમ્બર, ૨૦૨૪ દરમિયાન અંદાજે ૬૨૮૦૩ અનધિકૃત યાત્રીઓ પાસેથી ૪.૪૦ કરોડ રૂપિયા દંડ તરીકે વસૂલવામાં આવ્યો છે. રાજકોટ ડિવિઝન લોકોને હંમેશા યોગ્ય ટિકિટ લઈને સન્માન સાથે મુસાફરી કરવાની અપીલ કરે છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખેલકૂદ મહોત્સવના પ્રારંભે ૩ રેકોર્ડ

## ૧૦,૦૦૦ મીટર દોડમાં ભાઇઓ-બહેનોમાં ૨ નવા રેકોર્ડ તો લાંબી કૂદમાં દિનેશ કડછાએ ૭.૭ મી કૂદકો માર્યો



રાજકોટ,તા.૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સ્પોર્ટસ કોમ્પ્લેક્સ ખાતે આજથી ૫૩માં મહોત્સવનો પ્રારંભ થયો છે. ત્રણ દિવસ ચાલનારી આ એટલેટીક્સ ટુર્નામેન્ટમાં યુનિવર્સિટી સંલગ્ન ૭૦ કોલેજના ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. જેમાં આજે પ્રથમ દિવસે ૧૦,૦૦૦ મીટર દોડની પ્રથમ ઈવેન્ટમાં જ ૨ રેકોર્ડ બન્યા હતા. જેમાં ભાઇઓમાં કશ્યપ સંધાણીએ ૩૧.૫૮ મિનિટમાં ૧૦ કિલોમીટરની દોડ પૂર્ણ કરી તો બહેનોમાં હેલી કોશિયાએ ૪૫.૦૬ મિનિટમાં ૧૦ કિલોમીટરની દોડ પૂર્ણ કરી. જ્યારે લાંબી કૂદની ઈવેન્ટમાં ૧ નવો રેકોર્ડ બન્યો હતો. આ સાથે યુનિવર્સિટી દ્વારા ઈન્ટર યુનિવર્સિટી ટુર્નામેન્ટ રમવા જતા ખેલાડીઓને દૈનિક રૂ. ૩૬૫માંથી વધારી રૂ. ૫૦૦ કરવામાં આવ્યા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શારીરિક શિક્ષણ વિભાગ અને શારીરિક શિક્ષણ ભવન દ્વારા આયોજિત ૫૩માં વાર્ષિક ખેલકૂદ મહોત્સવના પ્રથમ દિવસે આખા દિવસ દરમિયાન થયેલી ઈવેન્ટોમાં સવારે ૧૦,૦૦૦ મીટર દોડમાં ભાઇઓ-બહેનોમાં ૨ નવા રેકોર્ડ સ્થાપિત થયા બાદ સાંજે લાંબી કૂદ ભાઈઓની સ્પર્ધામાં આજે એક નવો કીર્તિમાન સ્થાપિત થયો છે. જે કડછા દિનેશે પોતાનો જ ગત વર્ષનો લાંબી કૂદનો રેકોર્ડ તોડી અને આ વર્ષે નવો રેકોર્ડ ૭.૭ મીટર લાંબો કૂદકો મારીને સ્થાપિત કર્યો છે.

રાજકોટની શાંતિ નિકેતન કોલેજમાં અભ્યાસ કરતા કશ્યપ સંધાણીએ જણાવ્યું હતું કે, ગત વર્ષે ૧૦ હજાર મીટર દોડમાં મેં અને જયેશ નામના વિદ્યાર્થીએ ૪૨ વર્ષ જુનો રિપોર્ટ તોડ્યો હતો. ૩૩.૦૫ મિનિટમાં ૧૦ કિલોમીટરની દોડ પૂર્ણ કરી હતી. જ્યારે આ વર્ષે મેં ૩૧.૫૮ મિનિટમાં ૧૦ કિલોમીટરની દોડ પૂર્ણ કરી મારો જ ગત વર્ષનો રેકોર્ડ તોડ્યો છે. છેલ્લા ૮ વર્ષથી દોડની પ્રેક્ટિસ કરું છું અને દરરોજ ૧૫થી ૨૦ કિલોમીટરની દોડની પ્રેક્ટિસ હોય છે. મારું લક્ષ્ય ઓલ ઈન્ડિયા યુનિવર્સિટીમાં ૩૦૦૦ મીટર ત્રિપલ ચેસમાં મેડલ જીતવાનુ સ્વપ્ન છે. સાપુતારામાં ટ્રેનિંગની સાથે અભ્યાસ પણ કરું છું જેને લીધે થોડી તકલીફ પડે છે અને આગામી સમયમાં ઓલમ્પિકમાં પણ રમવાનું સ્વપ્ન છે.

# મકરસંક્રાતિ અંગે જાહેરનામું: ચાઈનીઝ દોરા-તુક્કલ ઉપર પ્રતિબંધ-જાહેરમાં ઘાસચારો નહીં નાખી શકાય

## પોલીસ કમિશન બ્રજેશ ઝા દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું



રાજકોટ, તા.૬

પોલીસ તરફથી જણાવ્યા મુજબ, આગામી તા.૧૪/૧/૨૦૧૫ ના રોજ રાજકોટ શહેરમાં મકરસંક્રાતિ (ઉત્તરાયણ) પર્વની ઉજવણી થનાર છે. આ પર્વને અનુલક્ષીને રાજકોટ શહેર વિસ્તારમાં જાહેર માર્ગો/રસ્તાઓ કે મકાનના ભયજનક ધાબા ઉપર ચડીને લોકો પતંગ ઉડાડતા હોય છે, જેને લઇને વ્યકિતઓની જાનનું જોખમ ઉભુ થવાની સંભાવના રહેલી છે.

આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડતા હોય છે. આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડતા હોય છે. કેટલાક લોકો જાહેર માર્ગ રસ્તા ઉપર પતંગ ઉડાડતા હોય છે. તેમજ કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાસના બંબુઓ, લંગર બનાવી લઇને આમતેમ શ ે રી અ ો , ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરતા હોય છે.



જેના કારણે ટ્રાફકી અવરોધ ઉભો કરતા હોય છે. તેમજ લંગર નાખી ટેલીફોન/ઈલેકટ્રીક તારમાં ભરાયેલા પતંગ કાઢવાના પ્રયત્ન કરે, જેના કારણે તાર (વાયરો) ભેગા થવાથી શોર્ટસર્કિટના કારણે તથા શોર્ટસર્કિટના કારણે તાર તુટી જવાના કારણે અકસ્માતો સર્જાય ગંભીર બનાવો બનતા હોય છે. અને અકસ્માત થવાની સંભાવનાઓ રહેલી છે.

આ પર્વના દિવસે શહેર વિસ્તારમાં જાહેર માર્ગો ઉપર ગૌપાલકો દ્વારા જાહેરમાં ઘાસચારાનું વેચાણ કરતા હોય છે અને આમ જનતા દ્વારા આ ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયોને નાંખતા હોય છે. જેને અનુલક્ષીને જાહેરમાર્ગો(રસ્તાઓ) ઉપર ગાયો તથા બીજા પશુઓ દ્વારા ટ્રાફીક અવરોધ પેદા થતો હોય છે. ઘણાં લોકો પતંગ ઉડાડવા માટે ચાઇનીઝ દોરાનો ઉપયોગ કરતા હોય છે.

આ ચાઇનીઝ દોરાઓ એકદમ ધારદાર હોવાને કારણે કોઇ વ્યકિતના શરીરના કોઇ ભાગમાં ઘસાવાથી શરીર ઉપર તિક્ષણ કાપાઓ પડે છે. જેના કારણે શારીરીક ગંભીર ઈજાઓ થવાના અને ક્યારેક અંગો કપાય જવાના બનાવો પણ બનતા હોય છે. તેમજ પક્ષીઓને ઈજાઓ થવાના અને તેના મોતના બનાવો પણ બને છેઆ પર્વ નિમિત્તે રાજકોટ શહેર વિસ્તારમાં ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન ખૂબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલકી કવોલીટીના સળગી જાય તેવા વેકસ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાને કારણે જાનમાલ અને સંપત્તીને નુકસાન થાય છે. જેથી પોલીસ કમિશનરે જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

જેમાં કેટલાક કૃત્યો પર પ્રતિબંધ મુકાયો છે જેમાં (૧)કોઇ પણ વ્યકિતએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા / ફૂટ પાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા ઉપર. (૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડવા ઉપર. (૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર. (૪) કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાસના બંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ, કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવીને આમતેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરવા ઉપર તેમજ ટેલીફોન કે ઈલેકટ્રીકના તાર ઉપર લોખંડ કે કોઈપણ ધાતુના તાર, લંગર(દોરી) નાખવા ઉપર તેમજ તારમાં ભરાયેલા પતંગ કે દોરી કાઢવા ઉપર. (૫) કોઈપણ વ્યકિતઓ દ્વારા જાહેર માર્ગ ઉપર ઘાસચારાનું વેચાણ કરવા ઉપર તેમજ જાહેર રસ્તા ઉપર ગાયો / પશુઓને ઘાસચારો નાખી ટ્રાફીક અવરોધ ઉભો કરવા ઉપર. (૬) કોઈપણ પ્રકારના પ્લાસ્ટીક, પાકા સિન્થેટીક મટીરીયલ, ટોકસ્ટીક મટીરીયલ, લોખંડ પાઉડર, કાચ તથા અન્ય હાનિકારક પદાર્થનો ઉપયોગ કરી તૈયાર કરેલ તથા નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી/ નાયલોન/ચાઈનીઝ માંઝાના ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન, સ્કાય લેન્ટર્ન ના જથ્થાબંધ વેપાર તથા આયાત કરી ખરીદ વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર / ઉડાડવા ઉપર. પાકા દોરા તથા પ્લાસ્ટીક ચાઈનીઝ બનાવટના ચાઈનીઝ દોરા તથા આયાતી દોરાના આયાત કરી ખરીદ, વેચાણ, સંગ્રહ અને વપરાશ કરવા ઉપર તેમજ આવા દોરાના ઉપયોગ કરી પતંગો ઉડાડવા ઉપર પ્રતિબંધ મુકાયો છે.

# ખ્યાતિનો ખૂની ખેલ

# ૩૮૪૨ ઓપરેશનમાં ૧૧૨નાં મોત

## PMJAY હેઠળ ત્રણ વર્ષમાં થયેલી સર્જરીની વિગતોમાં ચોંકાવનારો ઘટસ્ફોટઃ – ડો. સંજય પટોળિયા અને તેના સાગરિતો નાણાંકીય ગોટાળા કરીને હોસ્પિટલમાં દોઢ કરોડ રૂપિયાની ખોટમાં દર્શાવતા હતા : દર્દીઓના મરણ અંગે મેડીકલ એક્સપર્ટ કમિટીની મદદ લઇને તપાસ કરાશે




અમદાવાદ : ખ્યાતિ હોસ્પિટલકાંડ કેસની તપાસમાં અમદાવાદ ક્રાઇમબ્રાંચે અત્યાર સુધીનો સૌથી મોટો ખુલાસો કર્યો છે. જેમાં ખ્યાતિ હોસ્પિટલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ છેલ્લાં ત્રણ વર્ષમાં ૩૮૪૨ ઓપરેશન કરવામાં આવ્યા હતા. અને તેમાં ૧૧૨ દર્દીઓના ઓપરેશન દરમિયાન કે ત્યારબાદની સારવાર દરમિયાન મોત નીપજ્યા હતા. આરોપીઓ દ્વારા દર્દીઓના સારવાર દરમિયાન યોગ્ય તકેદારી ન રાખવામાં આવતી હોવાનું તપાસમા સામે આવ્યું હતુ. જેથી ૧૧૨ દર્દીઓના શંકાસ્પદ મરણ માટે હોસ્પિટલની બેદરકારી જવાબદાર હોવાની શક્યતાને પગલે ક્રાઇમબ્રાંચ અને મેડીકલ એક્સપર્ટ કમિટી દ્વારા વિશેષ તપાસ શરૂ કરવામાં આવશે.

ખ્યાતિ હોસ્પિટલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ બોરીસણા બે દર્દીઓના એન્જિયોપ્લાસ્ટીની સર્જરી દરમિયાન મોત થયા હતા. ત્યારબાદ ખ્યાતિ હોસ્પિટલના તબીબો, સીઇઓ અને ડીરેક્ટરો વિરૂદ્ધ દાખલ થયેલા ગુનાની તપાસ ક્રાઇમબ્રાંચને સોંપાઇ હતી. ક્રાઇમબ્રાંચે આ કેસની તપાસ દરમિયાન ખ્યાતિ હોસ્પિટલમાંથી મળી આવેલા પીએમજેએવાય હેઠળ થયેલા ઓપરેશનના દસ્તાવેજો, આરોગ્ય વિભાગ પાસેથી મળેલા વિગતોની તપાસ કરતા અત્યાર સુધીનો સૌથી મોટો ખુલાસો થયો છે.

ખ્યાતિ હોસ્પિટલમાં જરૂર ન હોવા છતાં ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને એન્જિયોગ્રાફી અને એ પછી સ્ટેન્ટ મૂકવામાં આવ્યા હોવાનું અત્યાર સુધીની તપાસમાં બહાર આવ્યું છે. કૌભાંડમાં પ્રથમ દિવસે બે વ્યક્તિના મોત બાદ આ હોસ્પિટલમાં જ સ્ટેન્ટ મૂકાવી શંકાસ્પદ રીતે મૃત્યુ થયા હોવાની કુલ પાંચ ફરિયાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં થયેલી છે. આ સિવાય મધ્ય અને ઉત્તર ગુજરાતના અલગ-અલગ કેસ પણ સામે આવ્યા હતા અને તેમાં કુલ ૧૧ વ્યક્તિ મૃત્યુ પામી હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. અત્યાર સુધીની તપાસમાં હજુસુધી માત્ર હોસ્પિટલના ડોક્ટર, સીઈઓ અને સંલગ્ન અધિકારીઓની જ ધરપકડ થઈ છે. કેન્દ્ર સરકારની ગરીબો માટેની પીએમજેએવાય યોજનાની ગેરરીતિ, ખ્યાતિ હોસ્પિટલને મળતી ખાસ સવલતો અંગે કોઈ સરકારી અધિકારીની સંડોવણી બહાર નથી આવી. ખ્યાતિની આ ખૂની ખેલની તપાસ મંથર ગતિએ ચાલી રહી હોય એવી પણ ચર્ચા છે.

આ અંગે માહિતી આપતા અમદાવાદ ક્રાઇમબ્રાંચના એસીપી ભરત પટેલે જણાવ્યું કે ખ્યાતિ હોસ્પિટલમાં ૧લી સપ્ટેમ્બર ૨૦૨૧થી ૨૮ ઓક્ટબર ૨૦૨૪ દરમિયાન કુલ ૮૫૩૪ દર્દીઓએ સારવાર લીધી હતી. જે પૈકી ૩૮૪૨ દર્દીઓને પીએમજેએવાય હેઠળ અલગ અલગ બિમારીની સારવાર આપવામાં આવી હતી અને પીએમજેએવાય હેઠળ સારવાર લેનાર દર્દીઓ પૈકી ૧૧૨ દર્દીઓના ઓપરેશન કે સારવાર દરમિયાન અને સારવાર બાદ મોત નીપજ્યા હતા. આ આંકડો ગંભીર છે. જેથી ક્રાઇમબ્રાંચની ટીમ અને મેડીકલ એક્સપર્ટની ટીમ દ્વારા સંયુક્ત તપાસ કરીને તમામ મૃતક દર્દીઓના રિપોર્ટ, સારવાર સહિતની વિગતો તપાસવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ખ્યાતિ હોસ્પિટલમાં ફરજ બજાવતા સ્ટાફે નિવેદન આપ્યા હતા કે પીએમજેએવાય હેઠળ માત્ર નાણાં કમાવવાનો ઉદેશ હોવાથી ઓપરેશન દરમિયાન બેદરકારી દાખવવવામાં આવતી હતી. જેથી ૧૧૨ દર્દીઓના મોત પણ પ્રાથમિક દ્રષ્ટિએ શંકાસ્પદ હોવાથી આ મામલે ગંભીરતાથી તપાસ કરવા માટે ઉચ્ચ અધિકારીઓએ સુચના આપી છે.

બીજી તરફ પીએમજેએવાય યોજનાના અને બજાજ એલાયન્સ ઇન્સ્યોરન્સ કંપનીના કર્મચારીઓના નિવેદનો પણ લેવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, હોસ્પિટલને નુકશાનમાં બતાવવા માટે ઓડિટ રિપોર્ટમાં ગોટાળા પણ કરાયા હતા. જેથી દિશામાં પણ અનેક વિગતો સામે આવી છે.

### આરોપીઓ પકડવા ક્રાઇમબ્રાંચની પોલીસી આગોતરા જામીન માટે સમય આપો, નામંજૂર થાય તો શરણે થાવ

અમદાવાદ : ખ્યાતિ હોસ્પિટલકાંડ જેવા ગંભીર કેસની તપાસ પોલીસ કમિશનર જી એસ મલિકે ક્રાઇમબ્રાંચને સોંપી ત્યારે એવું હતું કે આકાશ પાતાળ એક કરીને આરોપીઓને પકડતી ક્રાઇમબ્રાંચ ઝડપથી આરોપીઓને ઝડપી લેશે. પરંતુ, ખ્યાતિ હોસ્પિટલ કેસની તપાસમાં ત્રણ પોલીસ ઇન્સ્પેક્ટર અને ઉચ્ચ અધિકારીઓની ટીમ કામ કરતી હોવા છતાંય, મોટાભાગના આરોપીઓના આગોતરા જામીન નામંજૂર થયા બાદ જ નાટકીય રીતે ધરપકડ થતી હતી. એટલુ જ નહી આ કેસમાં પીએમજેએવાય અને આરોગ્ય વિભાગના શંરકાસ્પદ કર્મચારીઓ સામે પણ હજુ સુધી કાર્યવાહી થઇ શકી નથી. આમ, સમગ્ર કેસની તપાસમાં માત્ર આરોપીઓને કાયદાકીય છટકબારી અપાવવા માટે પુરતો સમય અપાયાની ચર્ચા છે.



નો ફેવર, નો ફિઅર...
સામના મિરર

મોતની સોદાગર રાજકોટની ટીપ્પરવાન ભાગ–4

# રાજકોટ મનપાનો રૂ. ૧૧૦૦ કરોડનો ટીપરવાન કોન્ટ્રાક્ટ વિવાદમાં

## કમિશ્નરને આપેલી મંજૂરીને લઈ વિપક્ષે સવાલ ઉઠાવ્યો, સ્ટેન્ડીંગ ચેરમેને આક્ષેપો પાયાવિહોણા ગણાવ્યા

અહેવાલ
હેમલ વિઠ્ઠલાણી



**'રજામાં આવી ને સહી કરી તે વાતમાં કોઈ તથ્ય નથી': સ્ટેન્ડિંગ કમિટી ચેરમેને તમામ આરોપો ફગાવ્યા**

રાજકોટઃ રાજકોટ મનપા દ્વારા તાજેતરમાં યોજાયેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂ. ૧૧૦૦ કરોડનો ૧૦ વર્ષનો ટીપરવાન કોન્ટ્રાક્ટ મંજૂર કરવામાં આવ્યો હતો. આ કોન્ટ્રાક્ટ મંજૂર થયા બાદ સતત તેની સામે સવાલો ઉઠી રહ્યા છે. આ કોન્ટ્રાક્ટને સ્ટેન્ડિંગ કમિટીએ લીલીઝંડી આપી દીધા બાદ રાજકોટમાંથી ગઈકાલે બદલી થયા પહેલા તત્કાલીન મ્યુ. કમિશ્નર દેવાંગ દેસાઈએ તેના રજાના દિવસો દરમિયાન એક દિવસ ઓફિસમાં હાજરી આપી આ કોન્ટ્રાક્ટને લીલીઝંડી આપતી સહી કરી દીધી હોવાનો સવાલ વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવ્યો છે. જોકે સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકરે તમામ આરોપો ફગાવ્યા હતા.આ મામલે વિપક્ષ નેતા વશરામ સાગઠીયાએ જણાવ્યું છે કે, અમે પણ કોન્ટ્રાક્ટની વિગતો સ્ટેન્ડિંગ ચેરમેન પાસે માંગી હતી, પરંતુ આજ દિવસ સુધી અમને વિગતો પણ આપવામાં આવી નથી. દરમિયાન રજા ઉપર રહેલા તત્કાલીન મ્યુ. કમિશ્નર દેવાંગ દેસાઈએ રજા દરમિયાન એક દિવસ આવીને આ કોન્ટ્રાક્ટમાં સહી કરી હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે આવું કરવામાં તત્કાલીન મ્યુ. કમિશ્નર દેસાઈ ઉપરાંત ભાજપનાં મોટા નેતાઓનું હિત હોવાનું લાગી રહ્યું છે. જે અંતર્ગત તપાસ કર્યા બાદ કૌભાંડની શક્યતા જણાશે તો કોંગ્રેસ પણ આ મામલે આંદોલન કરશે.૧૧૦૦ કરોડનો ટીપરવાન કોન્ટ્રાક્ટ મંજૂર કરવામાં આવ્યોરાજકોટમાં ઘરે ઘરેથી ટીપરવાન મારફત કચરો એકત્ર કરવાનું કામ હાલમાં વર્ષે રૂ. 30થી 3૫ કરોડના ખર્ચે થાય છે. કામગીરીમાં અમુક ફીચર્સ ઉમેરી વર્ષે રૂ.૧૦૦ કરોડના ખર્ચે અને ૧૦ વર્ષે આશરે રૂ.૧૧૦૦ કરોડનાં ટીપર વાનનાં કોન્ટ્રાક્ટને ગત તા.૧૨ નવેમ્બરે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મંજૂર કરવામાં આવ્યો હતો. આ પહેલા ખુદ ભાજપના જ સિનિયર કોર્પોરેટર નેહલ શુકલે આ કામ જરૂરી છે, પરંતુ આટલો બધો ખર્ચ કઇ રીતે તેમજ કયા વધારાના કામ માટે થાય છે તે સવાલ કર્યા હતા. ભાજપના જ અન્ય એક કોર્પોરેટર અને ખુદ સેનીટેશન સમિતિ ચેરમેન નીલેશ જેલુએ પણ શંકાસ્પદ કોન્ટ્રાક્ટનો વિરોધ કર્યો હતો અને કમિશનરને પત્ર લખ્યો હતો પરંતુ, પછી પોતે વિગતો ન જાણતા હોવાનું કહી ફેરવી તોળ્યું હતું. 'ઉપર'થી દબાણ આવ્યું હોય કે કુલડીમો ગોળ ભાંગી લેવાયો હોય તેમ વિરોધ માંડી વાળ્યો હતો. જ્યારે આ મોટી રકમનો ભ્રષ્ટાચાર છે તેમ કહીને કોંગ્રેસના શહેર પ્રમુખ અતુલ રાજાણીએ લેખિતમાં રજૂઆત કરી હતી અને વહીવટી મંજૂરી નહીં આપવા માગ પણ કરી હતી.



**એક તરફ સમગ્ર ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૦ લાખથી વધુ ઝાડને કાપી નાખવા માટે અધિકૃત સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલી છે અને બીજી તરફ સમગ્ર ગુજરાતમાં ગ્રીન કવર ઓછું થતું જાય છે**

# વિકાસ માટે પર્યાવરણનો વિનાશ પાંચ વર્ષમાં ૧૦ લાખ વૃક્ષો કાપ્યા

એક તરફ સમગ્ર ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૦ લાખથી વધુ ઝાડને કાપી નાખવા માટે અધિકૃત સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવેલી છે અને બીજી તરફ સમગ્ર ગુજરાતમાં ગ્રીન કવર ઓછું થતું જાય છે ત્યારે કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના બાડા તેમજ આજુ બાજુના ગામડાઓમાં સ્થાનિક લોકોની લાગણી અને માંગણી છે કે માંડવી તાલુકાના ૧૦ ગામડાઓના પર્યાવરણ અને દરિયાઈ જીવ-સૃષ્ટિ તેમજ ખેતી અને પશુપાલન નેસ્તો-નાબૂદ ના થાય તે હેતુથી જીએચસીએલ કંપનીને જમીન અને અન્ય મંજૂરી આપવામાં આવે નહીં. જીએચસીએલ કંપની સામે સ્થાનિક સ્તરે આજુબાજુના બધા જ ગામડાઓની પ્રજામાં ખુબ વિરોધ છે.માંડવીમાં ગામડાઓમાં સમૃદ્ધ અને સારી બાગાયતી અને વરસાદી એમ બેઉ પ્રકારની પ્રાકૃતિક ખેતી અને પશુપાલનના રોજગાર છે તેમજ ૪૦ કિલોમીટર પર મુંદ્રા બંદર છે જેમાં લોકો સારી એવી રોજગારી અને સ્થાનિક નાના મોટા વ્યવસાય મેળવે જ છે. આ કંપની આવવાથી સ્થાનિક લોકો માટે કોઇ નવી રોજગારી ઉભી નહીં થાય પરંતુ જે અત્યારે રોજગારી છે તે પણ છીનવાઇ જશે. કંપનીની લોક સુનાવણી બાબતે એટલો મોટો વિરોધ અને લોકજુવાળ ઉપડયો હતો કે એક વખત લોક સુનવણી રદ કરવામાં આવી. ત્યારબાદ બીજી વખત કંપનીના પર્યાવરણ રિપોર્ટમાં અનેક અધુરપો હોવા છતાં જોહુકમી અને પોલીસ બળ દ્વારા બીજી વખત લોક સુનાવણી કરવામાં આવી જેમાં ૫૦૦૦થી વધુ લોકોએ પોત પોતાની રીતે વિરોધ નોંધાવેલ હતો. વૈકલ્પિક દ્રષ્ટીએ જોતાં પણ માંડવી તાલુકો પર્યટન તરીકે વિકસે એવી કુદરતી સુંદરતા છે. તાજેતરમાં માંડવીમાં દરિયા કિનારાના ૨ બીચનો વિકાસ કરવા પહેલ થયેલી છે જેમાં એક માંડવી શહેર નજીકનો દરિયાકિનારો છે અને બીજો આસાર માતા (નાના લાયજા) નજીકનો બીચ (દરિયાકિનારો) છે. આસાર માતા બીચ આ કંપની પ્રસ્તાવિત જગ્યાની પસળ ત્રિજ્યામાં આવે છે તેથી જો કંપનીનું કારખાનું બનાવવામાં આવે તો પર્યટન માટે આ બીચ કોઈજ કામનો રહેશે નહિ. આ વિસ્તારમાં પહેલેથી કોઇ રસાયણ આધારિત ઉદ્યોગ નથી કે સોડાએસ બનાવવા માટેનો જરૂરી કાચો માલ આ તાલુકામાં મળી નથી આવતો.

તેમ છતાં જીએચસીએલ કંપની સોડાએસ બનાવવા માટેનો પ્રોજેક્ટ નાખવા હિલચાલ કરી રહી. છે. સોડાએસ બનાવવાની પ્રક્રિયામાં માટે લાઈમ સ્ટોન, મીઠું અને કોલસો જરૂરી છે જે આ તાલુકામાં ઉપલબ્ધ નથી.કાચો માલ (લાઈમ સ્ટોન, મીઠું, અને કોલસો) પરિવહન દ્વારા આ કારખાના માટે અહીં લઇ આવવામાં આવે તો તે પણ વચ્ચે આવતા બધા વિસ્તારો માટે પ્રદૂષણકારી અને જોખમી છે.

જીએચસીએલનો હાલમાં કાર્યરત સુત્રાપાડા વિસ્તારનો પ્લાન્ટ દરિયાઈ પર્યાવરણ અને ત્યાની ખેતીને ખુબજ નુકશાન કરી તદ્દન વિનાશના આરે લાવી દીધો છે, માંડવીના ગ્રામજનોએ નજરે જોઈ અને વિડીયોગ્રાફી કરી હતી જેમાં કંપનીની ફેક્ટરીના આજુબાજુના કિલોમીટરના વિસ્તારમાં ગાંડો બાવળ પણ ઉગતો બંધ થઈ ગયો છે અને ગટરોમાં ગેસ નીકળી રહ્યો છે તથા આજુબાજુના ગ્રામજનો કેન્સર જેવી બીમારીના ભોગ બન્યા છે વળી સુત્રાપાડામાં જીએચસીએલ કંપની ગુજરાત સરકારના જીપીસીબી બોર્ડની આપેલી નોટિસોની પણ સરેઆમ અવહેલના કરી રહી છે.પર્યાવરણની દ્રષ્ટીએ કચ્છ અત્યંત નાજુક પર્યાવરણ ધરાવે છે અને અનેક પશુ પક્ષીઓની જાતિ પ્રજાતીઓનું ઘર છે. કચ્છમાં ઉધોગો માટે કંડલા અને મુંદ્રા પોર્ટ પાસે પુરતી જમીન ઉપલબ્ધ છે અને જ્યાં ઘણા ઉદ્યોગ હાલમાં કાર્યરત્ત છે. આવા ઔધોગીક માળખા વાળા વિસ્તારોને અવગણી અને બાડા નજીક કારખાનું નાંખવું એ પર્યાવરણ માટે અત્યંત ઘાતક અને દુર્ભાગ્ય પૂર્ણ ઘટના બનશે.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પર્યાવરણ બચાવવાની આ મુહીમમાં સ્થાનિકોની સાથે છે અને સરકારને અનુરોધ કરે છે કે, કચ્છમાં ગૌધન, પશુપાલન, ખેતી, પર્યાવરણ અને વિપસ્યના સેન્ટરને નાબૂદ થતું અટકાવવા માટે જી.એચ.સી.એલ કંપનીને ફાળવવામાં આવેલી જમીન તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવે.

# બિટકોઈનએ ૧૦૦૦૦૦ ડોલરની સપાટી કૂદાવી બનાવ્યો રેકોર્ડ



ક્રિપ્ટોમાર્કેટમાં છેલ્લા બે સપ્તાહના બ્રેક બાદ ફરી પાછી તેજી પુરજોશમાં આવી છે. આજે વહેલી સવારે બિટકોઈન ૧ લાખ ડોલરની રેકોર્ડ સપાટી કુદાવી ૧,૦૩,૯૦૦ ડોલર થયો હતો. હાલ, ૭.૪૭ ટકા ઉછાળે ૧૦૩૨૫૮.૪૦ ડોલરની સપાટીએ ટ્રેડ થઈ રહ્યો છે.


ક્રિપ્ટો માર્કેટે ફરી એકવાર રિટર્ન મામલે શેરબજાર, ગોલ્ડ, કોમોડિટી માર્કેટને પાછળ પાડ્યા છે. છેલ્લા એક વર્ષમાં બિટકોઈનમાં દોઢ ગણુ રિટર્ન છૂટ્યું છે. બિટકોઈન તેની વાર્ષિક લો ૩૮૫૨૧.૮૯ ડોલર સામે ૧૬૯.૭૧ ટકા વધી ૧૦૩૯૦૦.૪૭ ડોલરની ઐતિહાસિક ટોચે પહોંચ્યો છે.

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્ર પ્રમુખ પદે શપથ લીધા પહેલાં જ ક્રિપ્ટો માર્કેટ પ્રત્યે સકારાત્મક ફેરફારો થતાં જોવા મળ્યા છે. પોલ એટકિંસને ના નવા અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. તેઓ ક્રિપ્ટો કરન્સી માટે સકારાત્મક નિર્ણયો લઈ શકે છે. અગાઉના ગેરી જેન્સલરે ડિજિટલ એસેટ પર આકરા નિયમો ઘડ્યા હતા. વધુમાં ડોનાલ્ડ ટ્રમ્પની નિમણૂક ક્રિપ્ટો કરન્સી માટે અનુકૂળ છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને મોસ્કોમાં આર્થિક મંચ પર જાહેરાત કરી કે, બિટકોઈન તથા અન્ય વર્ચ્યુઅલ કરન્સી પર કોઈ પ્રકારનો પ્રતિબંધ નહીં લાદે. વિશ્વના ટોચના નેતાઓમાં સામેલ પુતિનની આ જાહેરાતથી બિટકોઈનમાં તેજીનું ઘોડાપુર આવ્યું છે. બીજી તરફ અમેરિકામાં ટ્રેડેડ બિટકોઈન ઈટીએફમાં આ વર્ષે રોકાણ અનેકગણું વધ્યું છે.

# ઉત્પાદન ક્ષેત્ર બાદ હવે સેવા ક્ષેત્રની પ્રવૃત્તિ પણ નવેમ્બરમાં સાધારણ ધીમી પડી

## ઊંચી નિકાસ માગને પગલે સેવા પૂરી પાડતી કંપનીઓમાં કર્મચારીઓની ભરતીમાં વધારો



મુંબઈ ઉત્પાદન ક્ષેત્ર બાદ હવે દેશની સેવા ક્ષેત્રની પ્રવૃત્તિ પણ નવેમ્બરમાં સાધારણ મંદ રહી હોવાનું એક ખાનગી સર્વે રિપોર્ટમાં જણાવાયું હતું. નવા ઓર્ડરો અને સેવા પૂરી પાડવાની માત્રા સાધારણ નીચી રહી હતી.

એસએન્ડપી ગ્લોબલ દ્વારા તૈયાર કરાયેલા ભારત માટેના સેવા ક્ષેત્રના એચએસબીસી પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેક્સ (પીએમઆઈ) જે ઓકટોબરમાં ૫૮.૫૦ હતો તે નવેમ્બરમાં સાધારણ ઘટી ૫૮.૪૦ રહ્યો છે. જો કે ૫૦થી ઉપરના ઈન્ડેક્સને જે તે ક્ષેત્રનું વિસ્તરણ ગણવામાં આવે છે. જો કે સેવા માટેની માગમાં સાતત્યતાને પરિણામે બિઝનેસ સેન્ટિમેન્ટ ઊંચુ રહ્યું છે અને સેવાઓ પૂરી પાડતી કંપનીઓ દ્વારા કર્મચારીઓની ભરતીમાં વધારો જોવા મળ્યો છે.નવેમ્બરમાં સતત ૪૦માં મહિને સેવા ક્ષેત્રનો પીએમઆઈ ૫૦થી ઉપર રહેવા પામ્યો છે. સર્વમાં ભાગ લેનારાઓએ માગમાં મજબૂતાઈ અને નવા વેપાર સંદર્ભમાં આશાવાદ વ્યકત કર્યો હતો.

સેવાઓ માટે વિદેશમાંથી માગ ઊંચી રહેતા નિકાસ ઓર્ડર વધી નવેમ્બરમાં ત્રણ મહિનાની ઊંચી સપાટીએ રહ્યા હતા. ભારતની સેવા ક્ષેત્રની નિકાસ મોટેભાગે યુરોપ, એશિયા, અમેરિકા ખાતે વધુ થાય છે. નિકાસ માગ વધવાને પગલે સેવા ક્ષેત્રની કંપનીઓમાં કર્મચારીઓની ભરતી ૨૦૦૫થી અત્યારસુધીમાં સૌથી ઊંચી જોવા મળી છે. પીએમઆઈ તૈયાર કરવાનું ૨૦૦૫થી શરૂ થયું છે. કર્મચારીઓની ઊંચી ભરતી સેવા ક્ષેત્રની કંપનીઓમાં વેપાર વિશ્વાસ વધી રહ્યો હોવાનું સૂચવે છે, એમ સર્વે રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

# સેબીની કડકાઈ અને નબળા રિટર્નને પગલે IPOમાં રોકાણકારોનો રસ ઓછો થયો

અમદાવાદઃ ભારતીય શેરબજાર માટે નવેમ્બરનો મહિનો અવિસ્મરણીય રહ્યો છે. વિદેશી રોકાણકારોની અવિરત વેચવાલી અને અદાણી સહિતના અનેક મોટા પ્રકરણને કારણે સદંતર મંદીનો માહોલ જોવા મળ્યો હતો. આ દરમિયાન માટે સેકન્ડર માર્કેટ જ નહિ પરંતુ પ્રાઈમરી માર્કેટ એટલે કે આઈપીઓ બજારમાં પણ દબાણ જોવા મળ્યું હતુ. આઈપીઓનું બજાર ગત મહિને નવેમ્બરમાં એકદમ સુસ્ત રહ્યું હતું. મેઈનબોર્ડ અને એસએમઈ આઈપીઓ બંને સેગમેન્ટમાં સરેરાશ સબ્સ્ક્રિપ્શન લેવલમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. પ્રાઈમ ડેટાબેઝના ડેટા અનુસાર, નવેમ્બરમાં મેઈનબોર્ડ આઈપીઓ માટે સરેરાશ સબસ્ક્રિપ્શન લેવલ ૧.૯ ગણું જ રહ્યું હતું, જે




ઓક્ટોબરમાં ૧૬ ગણું અને સપ્ટેમ્બરમાં ૭૬ ગણું હતું. જોકે, તેમાં એન્વિરો ઈન્ફ્રા એન્જિનિયર્સ આઈપીઓનો ડેટા સામેલ નથી, જે લગભગ ૯૦ ગણો સબસ્ક્રાઈબ થયો હતો.₹એન્વિરો સિવાય નવેમ્બરમાં લોન્ચ થયેલા તમામ આઈપીઓને ૩.૬ ગણું સબસ્ક્રિપ્શન મળ્યું હતુ. નવેમ્બરમાં કુલ સાત કંપનીઓના મેઈનબોર્ડ આઈપીઓ આવ્યા હતા, જેમાં સ્વિગીનો રૂ. ૧૧,૩૨૭ કરોડનો અને એનટીપીસી ગ્રીન એનર્જીનો રૂ. ૧૦,૦૦૦ કરોડના મોટા આઈપીઓ શામેલ છે. આ બંને મોટા આઈપીઓને કારણે પણ સબસ્ક્રિપ્શન ડેટા નીચો રહ્યો છે.બજાર નિષ્ણાંતોના જણાવ્યા અનુસાર વૈશ્વિક સ્તરે ભૂ-રાજકીય ચિંતાઓને કારણે ગત મહિને બંને સેકન્ડરી અને પ્રાઈમરી બજારમાં ઘણી અસ્થિરતા જોવા મળી હતી. આ સિવાય વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા સતત વેચવાલીએ નકારાત્મક માહોલ ઉભો કર્યો હતો. આ સિવાય અમુક મોટા અને ગ્રે માર્કેટમાં ચર્ચાઈ રહેલા આઈપીઓના અપેક્ષા કરતા નીચા લિસ્ટિંગે બજારનું સેન્ટિમેન્ટ નબળું પાડ્યું હતું. સ્વિગીના આઈપીઓને ગત મહિને મેઈનબોર્ડમાં સૌથી વધુ બિડ મળી હતી, જે એકંદરે ૩ ગણાથી વધુ સબ્સ્ક્રાઈબ થઈ હતી.

# ૨૦૨૩ની તુલનાએ ચાલુ વર્ષમાં બેન્કોને રૂ. ૧૦,૦૦૦ કરોડ ઓછી થાપણ મળી

મુંબઈઃ થાપણ વૃદ્ધિનો દર ધિરાણ વૃદ્ધિને સમાંતરની નજીક આવી ગયો હોવા છતાં કુલ થાપણ મેળવવાની દ્રષ્ટિએ બેન્કો હજુપણ પાછળ હોવાનું રિઝર્વ બેન્કના ડેટા પરથી કહી શકાય એમ છે.

૨૦૨૪ના પ્રથમ દસ મહિનામાં બેન્કોએ મેળવેલી કુલ થાપણનો આંક ગયા વર્ષના આ ગાળામાં પ્રાપ્ત થયેલી થાપણ કરતા રૂપિયા ૧૦,૦૦૦ કરોડ ઓછો છે. વર્તમાન વર્ષના જાન્યુઆરીથી ઓક્ટોબરના ગાળામાં બેન્કોએ થાપણ સ્વરૂપે રૂપિયા ૧૯.૬૦ લાખ કરોડ પ્રાપ્ત કર્યા છે જે ૨૦૨૩ના પ્રથમ દસ મહિનામાં રૂપિયા ૧૯.૭૦ લાખ કરોડ મેળવાયા હતા. થાપણ વૃદ્ધિ હવે ધિરાણ વૃદ્ધિને સમાન બની રહેવાનું એક કારણ ધિરાણ ઉપાડ મંદ પડી રહ્યો તે પણ છે.

થાપણો મેળવવા વર્તમાન વર્ષના પ્રારંભમાં બેન્કોએ થાપણ પરના દરમાં વધારો કર્યો હતો, પરંતુ માર્જિન પર દબાણ આવતા બેન્કો માટે થાપણ પરના દર વધારવાનું હવે શકય નહીં હોવાનું એક બેન્કરે જણાવ્યું હતું. અન્ય એસેટ કલાસની સરખામણીએ થાપણો પર નીચા વળતરને કારણે રોકાણકારો અન્યત્ર વળી રહ્યા છે, જેને કારણે થાપણના આંકમાં ઘટ જોવા મળી હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું. અઢી વર્ષના ગાળા બાદ વર્તમાન વર્ષના ૧૮ ઓક્ટોબરના પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિ કરતા ઊંચી રહ્યા બાદ થાપણ વૃદ્ધિ ૧લી નવેમ્બરના પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિને લગભગ સમાન રહ્યાનું રિઝર્વ બેન્કના ડેટામાં અગાઉ જણાવાયું હતું. ૧૫ નવેમ્બરના પખવાડિયામાં ધિરાણ વૃદ્ધિ કરતા થાપણ વૃદ્ધિનું સ્તર ઊંચુ જોવા મળ્યું હતું.૧૫ નવેમ્બરના પખવાડિયામાં બેન્કિંગ ક્ષેત્રમાં ધિરાણ વૃદ્ધિનું સ્તર વાર્ષિક ધોરણે મંદ પડી ૧૧.૧૫ ટકા રહ્યું છે જ્યારે થાપણ વૃદ્ધિનું સ્તર ૧૧.૨૧ ટકા રહ્યું છે.

ૐकारा

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



# પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**તમારો ચહેરો ભુલાઈ જશે પણ તમારા બોલાયેલા શબ્દો યાદ રહેશે, એ ત્યારે પણ તમારી હાજરી પૂરશે જ્યારે તમે ગેરહાજર હશો એટલે શબ્દો હંમેશા જાળવીને વાપરવા..**

સદા વાણી, વર્તન અને વ્યવહાર ખુબજ સમજદારીપૂર્વક કરીએ અને કર્મો પ્રત્યે સજાગ રહીએ...

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**

7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT

SAPPHIRE
Skyline




Magnificent
4 BHK Flats & Penthouses

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS GROUP

@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

KALAVID

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper











## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...

**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

# 98983 17826

**અને જોડાઇ જાવ અમારી સાથે...**


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
"શ્રી હરી કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 9824581306



॥ શ્રી ગુરૂ દત્તાત્રેયજી ॥



॥ શ્રી ગણેશાય નમઃ ॥



॥ શ્રી ગાયત્રી માતાજી ॥


# ભાવભર્યું આમંત્રણ

વેદમાતા શ્રી ગાયત્રી માતાજી, શ્રી લક્ષ્મી માતાજી તેમજ
શ્રી સરસ્વતી માતાજીની અસીમ કૃપાથી શ્રી ગુરૂદત્ત જયંતિ નિમિત્તે

## ગુરૂપૂજન

**સં. ૨૦૮૧, માગશર સુદ ૧૫, રવિવાર, તા. ૧૫–૧૨–૨૦૨૪ના**
શુભ દિને આયોજન કરેલ છે. તો આ પાવન અને પવિત્ર પ્રસંગે
સર્વે સેવકગણ તથા ભકતજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

ગુરૂ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગુ પાય.
બલિહારી ગુરૂ આપની, ગોવિંદ દિયો બતાય.



## પૂજ્ય ગુરૂદેવ શ્રી લાલબાપુ

**ગુરૂ પૂજન** : સવારે ૬–૦૦ થી મોડી સાંજ સુધી.
**ભોજન પ્રસાદ** : સવારે ૧૦–૦૦ થી મોડી રાત્રિ સુધી.

● નિમંત્રક ●
**પૂ. શ્રી રાજુ ભગત**
**પૂ. શ્રી દોલુ ભગત**
**શ્રી ગાયત્રી આશ્રમ સેવા સમિતિ**
શ્રી ગાયત્રી આશ્રમ, ગધેથડ,
તા. ઉપલેટા, જિ. રાજકોટ.


SAPPHIRE GOLD
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in
સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...
2 BHK Flats
618 Carpet
3 BHK Flats
824 Carpet
એકવાર સેમ્પલ ફલેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...
@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot
Contact : 94038 90004
RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM
TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062